અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૧૧ | અંક : ૧૬૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વહિવટી ઘટના કારણે દોષિત કેદી ફાંસીની ડર સાથે જીવે, તે યોગ્ય નથી

## જેલોમાં બંધ કેદીઓ મુદ્દે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, ફાંસીની સજા અંગે જાહેર કર્યા નવા નિર્દેશ

### સરકાર અથવા કોર્ટ દ્વારા વિલંબ કરવામાં આવે તો ફાંસીની સજામાં આજીવન કેદનો આધાર બની શકે છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૦ ।

આજે સુપ્રીમ કોર્ટમાં વર્ષ ૨૦૦૭ના પુણે બીપીઓ કર્મચારી દ્વારા મહિલાનો રેપ બાદ હત્યા કરાયાના કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કોર્ટે ફાંસીની સજા અંગે મહત્ત્વના નિર્દેશ જાહેર કર્યા છે. કોર્ટે કહ્યું છે કે, 'જે કેદીઓને ફાંસીની સજા અપાઈ છે, તેમનો કાયદાકીય વિકલ્પ સમાપ્ત થઈ જાય અથવા તેમના દ્વારા વિકલ્પોનો ઉપયોગ ન કરવામાં આવે તો સરકાર અથવા સેશન્સ કોર્ટે ફાંસી આપવામાં વિલંબ ન કરવો જોઈએ. સરકાર અથવા કોર્ટ દ્વારા વિલંબ કરવામાં આવે તો ફાંસીની સજામાં આજીવન કેદનો આધાર બની શકે છે. વહિવટી ઘટના કારણે દોષિત કેદી ફાંસીની ડર સાથે જીવે, તે યોગ્ય નથી.' પુણેમાં વર્ષ ૨૦૦૭માં બીપીઓ કર્મચારી દ્વારા એક મહિલા પર દુષ્કર્મ આચરાયા બાદ હત્યા કરાઈ હતી, જેમાં બોમ્બે હાઈકોર્ટે બે દોષિતોની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવવાનો નિર્ણય કર્યો હતો. આ મામલે સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના આદેશને યથાવત્ રાખવાની સાથે નવા નિર્દેશો જાહેર કર્યા છે. વર્ષ ૨૦૧૯માં બોમ્બે હાઈકોર્ટે આરોપી પુરુષોત્તમ બોરાટે અને પ્રદીપ કોકડેની દયા અરજીના નિકાલમાં બે વર્ષનો સમય લાગ્યો હોવાના કારણે તેમની ફાંસી સજા માફ કરી દીધી હતી. કોર્ટે ફાંસીની સજાના બદલે ૩૫ વર્ષ જેલમાં રહેવાની સજા જાહેર કરી હતી.



બીપીઓના કોન્ટ્રાક્ટ પર કામ કરી રહેલા કેબ ડ્રાઈવર બોરાટે અને કોકડેએ ૨૦૦૭માં કેબમાં બેઠેલી ૨૨ વર્ષની મહિલા કર્મચારી પર દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી દીધી હતી. આ મહિલા ઓફિસ જવા માટે નીકળી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે અને હાઈકોર્ટ બાદ સુપ્રીમ કોર્ટે પણ બંનેને ફાંસીની સજા આપી હતી, પરંતુ બંનેની દયા અરજી રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પાસે બે વર્ષથી પેન્ડિંગ હતી. ત્યારબાદ હાઈકોર્ટે પેન્ડિંગ મામલાને આધાર બનાવી તેઓની ફાંસી અટકાવી દીધી હતી. હવે મહારાષ્ટ્ર સરકારની અપીલને ફગાવીને ન્યાયાધીશ અભય ઓકા, અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની સુપ્રીમ કોર્ટની બેન્ચે ભવિષ્ય માટે અનેક નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે કહ્યું છે કે, પુષ્ટિ બાદ ફાંસી આપવામાં વિલંબ કરવો અયોગ્ય છે. મોતના ડર સાથે કેદીને જીવતો રાખવો એ જીવનના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. જો આવું થાય તો ગુનેગાર સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટ જોશે કે શું ખરેખર મોડું થઈ ગયું છે? જો હા, તો કયા સંજોગોમાં આ બન્યું? દયાની અરજી રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ પાસે લાંબા સમયથી પેન્ડિંગ રાખવી યોગ્ય નથી. દરેક રાજ્યના ગૃહ વિભાગ અથવા જેલ વિભાગે કેદીઓની દયા અરજીનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા માટે અલગ-અલગ સેલ બનાવવી જોઈએ. હાઈકોર્ટમાંથી ફાંસીની પુષ્ટિ થયા બાદ સેશન્સ કોર્ટે કેસની આગળની કાર્યવાહી માટે લિસ્ટ કરે. તેઓ સરકારમાંથી માહિતી મેળવે કે, શું શું દોષિતે આગળ અપીલ કરી છે. જો ન કરી હોય તો ફાંસીની તારીખ નક્કી કરે. આવી જ રીતે સુપ્રીમ કોર્ટ સજા યથાવત રાખે અથવા દયાની અરજી ફગાવી દે, ત્યારબાદ જ સેશન્સ કોર્ટે શક્ય તેટલી વહેલી તકે આગળની કાર્યવાહી કરવી જોઈએ. ડેથ વોરંટ જારી કરતા પહેલા કેદીને નોટિસ આપવી જોઈએ ડેથ વોરંટ મેળવનાર કેદી અને ફાંસીની તારીખ વચ્ચે ઓછામાં ઓછું ૧૫ દિવસનું અંતર હોવું જોઈએ. જો કેદી માંગ કરે તો તેને મફત કાનૂની સહાય પૂરી પાડવી જોઈએ.

### ન્યૂઝ બ્રિફ

#### વિમાનમાં બોમ્બ છે' માહિતી આપતા IB ઓફિસરની ધરપકડ

। (એજન્સી) નાગપુર, તા.૧૦ ।

ગત મહિને નવેમ્બરમાં નાગપુરથી કોલકાતા જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં કથિત રીતે બોમ્બ હોવાની અફવા ફેલાવવાના આરોપમાં છત્તીસગઢની રાજધાની રાયપુરથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જેમની ઓળખ ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના એક અધિકારી તરીકે થઈ છે. મંગળવારે પોલીસ અધિકારીએ આ અંગે માહિતી આપી છે. રાયપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક સંતોષ સિંહે કહ્યું કે, ૧૪ નવેમ્બરે ૪૪ વર્ષીય અનિમેષ મંડલ નામના વ્યક્તિએ ઈન્ડિગોની ફ્લાઈટના ઉડાન ભર્યા બાદ ક્રૂને કથિત રીતે કહ્યું હતું કે 'વિમાનમાં બોમ્બ છે'.

#### BRS નેતાની જર્મન નાગરિકતાને લઈને ચાલી રહેલો વિવાદ સમાપ્ત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતીય રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના નેતાની જર્મન નાગરિકતાને લઈને ચાલી રહેલો વિવાદ સમાપ્ત થયો છે. તેલંગાણા હાઈકોર્ટે ચેન્નમનેની રમેશને જર્મન નાગરિક જાહેર કરીને તેમની ભારતીય નાગરિકતા રદ કરી દીધી છે. ૩૦ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. હાઈકોર્ટનો આ ચુકાદો કોંગ્રેસ નેતા આદિ શ્રીનિવાસની ફરિયાદ પર આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું હતું કે રમેશ જર્મન દૂતાવાસ પાસેથી પ્રમાણપત્ર મેળવી શક્યો ન હતો કે તે જર્મન નાગરિક નથી. હાઈકોર્ટે કહ્યું કે રમેશે પોતાની જર્મન નાગરિકતા છુપાવી હતી.

## શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચનું એલાન કર્યુ

। (એજન્સી) પંજાબ, તા.૧૦ ।

શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચનું એલાન કર્યું છે. ખેડૂત નેતા સરવણ સિંહ પંઢેરે મંગળવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, હવે અમે ૧૪ ડિસેમ્બરે દિલ્હી તરફ કૂચ કરીશું. અમારા પ્રદર્શનને ૩૦૩ દિવસ પૂરા થઈ ચૂક્યા છે અને ખેડૂતોના આમરણ ઉપવાસ પણ ૧૫માં દિવસ પર પહોંચી ગયા છે. અમે હંમેશા વાતચીતનું સ્વાગત કર્યું છે, પરંતુ સરકાર તરફથી કોઈએ અમારો સંપર્ક નથી કર્યો. તેમણે કહ્યું કે, બંને સંગઠનોએ નક્કી કર્યું છે કે અમે ૧૪ ડિસેમ્બરે ૧૦૧ ખેડૂતોને મોકલીશું. આવતીકાલે અમે ખેડૂતોના



આંદોલનની સફળતા માટે પ્રાર્થના કરીશું. અમે એ ખેડૂતોને મુક્ત કરવાની માંગ કરીએ છીએ જેમની વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અથવા અટકાયત કરવામાં આવી હતી. હું અમારા ફિલ્મ સ્ટાર્સ, સિંગર અને ધાર્મિક નેતાઓને પણ વિનંતી કરવા માગુ છું કે કૃપા કરીને પ્રદર્શન કરતા અમારા વિરોધનો પ્રચાર કરો. આ પહેલા સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ૧૦૧ ખેડૂતોના જૂથે ૬ અને ૮ ડિસેમ્બરે પગપાળા દિલ્હી જવાના બે વખત પ્રયાસો કર્યા હતા, પરંતુ હરિયાણાના સુરક્ષા કર્મચારીઓએ તેમને આગળ વધવા નહોતા દીધા. આ દરમિયાન ખેડૂતો અને સુરક્ષા દળો વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી, ત્યારબાદ ખેડૂતોને પાછળ ધકેલવા માટે ટીયર ગેસના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઘણા ખેડૂતો ઘાયલ પણ થયા હતા.

પંજાબ-હરિયાણાના શંભુ બોર્ડર પર ખેડૂતો પોતાની માંગણીઓને લઈ ઉગ્ર દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો બોર્ડર પર શુક્રવારથી દેખાવ-પ્રદર્શનો સાથે દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ૧૨ વર્ષે મહાકુંભનું આયોજન

### કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે આ તમામ વ્યક્તિની ગણતરી માટે ત્રણ ખાસ ટેકનિકલ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે

। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે કુંભમેળો ૨૦૨૫ યોજાશે. આગામી ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભમાં કરોડો હિંદુઓ આસ્થાની ડૂબકી લગાવશે. કુંભમેળામાં આવનાર ભક્તો માટે યોગી સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા અને તૈયારીઓ અંગે યુપી સરકારના મંત્રીઓએ અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજી હતી. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના સંગમના પવિત્ર કિનારે માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે મહાકુંભની ઉજવણી થશે. દાવો છે કે ૧૨ વર્ષના અંતરાલ પછી ફરી એકવાર પ્રયાગની પવિત્ર ભૂમિ પર મહાકુંભ યોજાશે. પ્રયાગરાજ મહાકુંભ-૨૦૨૫માં કરોડોની સંખ્યામાં યાત્રાળુઓ, સંતો, સાધુઓ અને પ્રવાસીઓ આવે તેવો દાવો છે. કુંભ મેળામાં ભક્તો માટે સ્નાન વ્યવસ્થા માટે ૩૫ ઘાટો અને ૯ નવા ઘાટો બનાવવામાં આવ્યા છે. ૧૨ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલાં તમામ ૪૪ ઘાટો પર ફૂલ વરસાવવામાં આવશે. મુંબઈના મરીન ડ્રાઈવના આકારમાં ગંગા નદીના કિનારે ૧૫.૨૫ કિલોમીટર વિસ્તાર પર નદી કિનારાનો વિકાસ કરવામાં આવ્યો છે. જે સંગમથી નાગવસુકી મંદિર, સુર્દાસથી છટનગ અને કર્સન બ્રિજથી મહાવીર પુરી સુધી વિસ્તાર છે. કરોડોની સંખ્યામાં ભકતો પ્રયાગરાજ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેશે. દરેક વ્યક્તિની ગણતરી કરવા માટે ત્રણ ટેકનિકલ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે.

## AAP સરકાર દીકરીના લગ્ન પર ૧ લાખ અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હીની 'આપ' સરકારે ઓટો ચાલકોને ખૂબ જ સારા સમાચાર આપ્યા છે. જ્યાં સરકારે દિલ્હીના ઓટો ડ્રાઈવરો માટે પોતાની તિજોરી ખોલી દીધી છે. સરકારે જાહેરાત કરી છે કે સરકાર હવે દિલ્હીના ઓટો ડ્રાઈવરની દીકરીઓને તેમના લગ્ન પર ૧ લાખ રૂપિયા આપશે. હોળી અને દિવાળી જેવા પ્રસંગોએ તેમના યુનિફોર્મ માટે ૨૫૦૦ રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ સિવાય દિલ્હી સરકારે પોતાનું મોટું દિલ બતાવ્યું છે અને ઓટો માલિકો માટે ૫ લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપવાનું વચન આપ્યું છે. સરકારે ઓટો ચાલકો અને તેમના પરિવારજનોની સંપૂર્ણ કાળજી લીધી છે. જેમાં દિલ્હી સરકારે ઓટો ડ્રાઈવર્સના બાળકોને ફ્રી કોચિંગ આપવાનું વચન આપ્યું છે અને પૂછો એપને ફરીથી શરૂ કરવાનું કહ્યું છે. ઓટો ડ્રાઈવરો પર ભેટો વરસાવતા આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે કહ્યું કે ઓટો ડ્રાઈવરો સાથે મારો સંબંધ ઘણો જૂનો છે.

### ગોલાન હાઇટ્સમાં બફર ઝોનમાં વધારાના પોઇન્સ કબજે કર્યા

## ઈઝરાયેલી સેનાએ તક મળતાં જ સીરિયામાં ઘૂસણખોરી કરી

। (એજન્સી) દમાસ્કસ, તા.૧૦ ।

સીરિયામાં બળવાખોરોએ રાજધાની દમાસ્કસ પર કબજો જમાવી લેતાં, પ્રમુખ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલ છે. રશિયન મીડિયા અનુસાર અસદે મોસ્કોમાં શરણ મેળવ્યું છે. સીરિયન બળવાખોર દળોએ જણાવ્યું હતું કે દમાસ્કસ હવે જુલમી બશર અલ-અસદના શાસનથી મુક્ત થઈ ગયું છે અને સીરિયાના લોકો માટે એક નવા યુગનો ઉદય થયો છે. દરમિયાનમાં, અસદ યુગનો અંત આવતાની સાથે જ ઈઝરાયેલે સીરિયા પર હુમલા કરવાનું શરૂ કરી દીધું છે.સમાચાર અનુસાર, ઈઝરાયલના સંરક્ષણમંત્રી ઈઝરાયેલ કાત્ઝે જાહેરાત કરી છે કે ઈઝરાયલી દળો સીરિયાના કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં બફર ઝોનમાં વધારાના પોઈન્સ કબજે કરી રહ્યાં છે. કાત્ઝને ટાંકીને મીડિયાએ જણાવ્યું હતું કે રવિવારે રાત્રે ઈઝરાયેલી બફર ઝોનમાં વધારાના પોઈન્ટ કબજે કરવાનું ચાલુ રાખ્યું હતું. કાત્ઝે એમ પણ કહ્યું કે તેમણે ઈઝરાયેલી સૈન્યને ભારે વ્યૂહાત્મક શસ્ત્રો અને આતંકવાદી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે જે ઈઝરાયેલ માટે ખતરો બની શકે છે તેમને મુક્ત સુરક્ષા ઝોન બનાવવાની સૂચના આપી હતી. એક નિવેદનમાં, ઈઝરાયેલે જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ ઈરાનથી લેબનોન અને સીરિયા દ્વારા સરહદ પાર કરીને શસ્ત્રોની દાણચોરી કરવાના માર્ગના નવીકરણને નિષ્ફળ બનાવવાનો હતો.વિદ્રોહીઓ દ્વારા સીરિયા પર કબજો કર્યા બાદ રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને રશિયા ભાગી ગયા છે.

## મમતા બેનરજીને નેતા બનાવવા જોઈએ : RJD નેતા લાલુ યાદવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

RJD નેતા લાલુ પ્રસાદ યાદવે INDIA બ્લોકમાં નેતૃત્વને લઈને ચાલી રહેલી તકરારને લઈને આજે મંગળવારે મોટું નિવેદન આપ્યું છે. RJD નેતા લાલુ પ્રસાદ યાદવે કહ્યું કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને INDI ગઠબંધનના નેતાની કમાન મમતા બેનરજીને સોંપવામાં આવે. કોંગ્રેસના વિરોધનો કોઈ અર્થ નથી. મમતાને નેતા બનાવવા જોઈએ. આ દરમિયાન લાલુ પ્રસાદ યાદવે ભાર પૂર્વક કહ્યું કે, બિહારમાં આગામી ચૂંટણીમાં તેમની પાર્ટી સત્તામાં આવશે. આ પહેલા બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને RJDના નેતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે, તેમને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી સહિત ઈન્ડિયા બ્લોકના કોઈપણ વરિષ્ઠ નેતા દ્વારા ગઠબંધનનું નેતૃત્વ કરવા પર કોઈ વાંધો નથી, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ નિર્ણય પર સર્વસંમતિ સુધી પહોંચી જવું જોઈએ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ તાજેતરની હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીમાં INDIA બ્લોકના ખરાબ પ્રદર્શન પર અસંતોષ વ્યક્ત કર્યો છે અને સંકેત આપ્યો છે કે, જો તક આપવામાં આવે તો તેઓ INDI ગઠબંધનનો હવાલો લેવા તૈયાર છે.



## ન્યુઝ બોક્ષ

### થલતેજ ગામના મુસાફરોને હવે આંગણેથી મેટ્રોની સર્વિસ મળશે ૮ ડિસેમ્બરથી મુસાફરોને થલતેજ ગામ સુધી મેટ્રો સર્વિસ મળી રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

થલતેજ ગામ ખાતે મેટ્રોનો રૂટ પૂરો થયા પછી તેને શીલજ ચાર રસ્તા થઈ મનીપુર સુધી લંબાવવામાં આવશે મેટ્રોમાં મુસાફરી કરતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી બંધ પડેલો થલતેજ મેટ્રો સ્ટેશન શરૂ થયો છે. આજથી એટલે કે ૮ ડિસેમ્બરથી મુસાફરોને થલતેજ ગામ સુધી મેટ્રો સર્વિસ મળી રહેશે. અત્રે જણાવીએ કે, દર ૮ મિનિટના અંતરે મેટ્રો ટ્રેનનું સંચાલન થઈ રહ્યું છે. થલતેજ ગામના મુસાફરોને હવે આંગણેથી મેટ્રોની સર્વિસ મળશે. અત્યાર સુધી થલતેજ ચાર રસ્તા સુધી જ મેટ્રોની સેવાઓ કાર્યરત હતી. ત્યારે હવે વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધી સંપૂર્ણ સેવાઓ શરુ કરી દેવામાં આવી છે. જો કે, આ અંગે મુસાફરોએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, પહેલા થલતેજ ચાર રસ્તા સુધી જ સેવાઓ હતી, જેથી અમારે રિક્ષામાં ૫૦ રૂપિયા ભાડું ખર્ચીને ટ્યુશન જવું પડતું હતું, જ્યારે હવે અમારે સમય અને પૈસા બંન્નેની બચત થશે સાથે જ ૨૦૩૬ની ઓલિમ્પિકને ધ્યાને રાખી થલતેજ ગામથી શીલજ, મનીપુર સુધી મેટ્રો લંબાવવાની યોજના પણ છે. કેમ કે અમદાવાદ ૨૦૩૬માં ઓલેમ્પિકની તૈયારી કરી રહ્યું છે જેને લઈને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને પણ વિસ્તરણ યોજના બનાવી છે. જેના ભાગરૂપે થલેતજ થી મનીપુર અને શીલજથી મોટેરા વાયા વૈષ્ણોદેવી, ચાંદખેડા રૂટને સમાવવાની તૈયારી છે. જયા થલતેજ ગામ ખાતે મેટ્રોનો રૂટ પૂરો થયા પછી તેને શીલજ ચાર રસ્તા થઈ મનીપુર સુધી લંબાવવામાં આવશે. એ જ રીતે શીલજ ચાર રસ્તાથી એસપી રિંગરોડ થઈ બીજો રૂટ વાયા મોટેરા, વૈષ્ણોદેવી, ચાંદખેડાથી પસાર થશે. થલતેજ ગામથી શિલજ સુધીનો રૂટ રેલવે લાઈનને સમાંતર નાખવાની યોજના છે. જેનાથી બોપલ, શેલા, ઘુમા જેવા વિસ્તારો પણ આવરી શકાશે. આ વિસ્તારના લોકોને મોટો ફાયદો થશે. તેમજ આવનાર ભવિષ્યમાં સ્પોર્ટ્સ વિલેજમાં મેટ્રોની પણ સારી સુવિધા મળી રહેશે.અમદાવાદમાં હાલ પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી મેટ્રોની સુવિધા કાર્યરત છે. જો કે શહેરમાં ૩૪ મેટ્રો સ્ટેશન પર પાર્કિંગનો અભાવ છે. જેને લઈને લોકો પોતાના વાહન નીચે પાર્ક કરીને મેટ્રોમાં મુસાફરી કરવાનો લાભ લઈ શકતા નથી. આ સમસ્યાનું નિવારણ લાવવા અમદાવાદ કોર્પોરેશન દ્વારા નવું આયોજન કરવામાં આવ્યું છે.

### જામનગરમાં ત્રણ દરવાજા નજીકની ઘટના

# પીપર બિસ્કીટના ગોડાઉનમાં ભીષણ આગથી લાખોનું નુકસાન

### ગોડાઉન ચોતરફથી પેક હોવાના કારણે અંદર ધુમાડો એકત્ર થઈ જતાં ફાયર શાખાની ટુકડીએ સ્પેશિયલ કીટ પહેરીને ગોડાઉનમાં ઉતારવાનો વારો આવ્યો

। (એજન્સી) જામનગર, તા.૧૦ ।

જામનગરમાં ત્રણ દરવાજા નજીક પોટરીવાળી ગલીમાં આવેલા પીપર બિસ્કીટના હોલસેલના વેપારીના ગોડાઉનમાં મંગળવારે બપોરે ભીષણ આગ લાગી હતી, અને પીપર બિસ્કીટ સહિતના હોલસેલના જથ્થાને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. ફાયર બ્રિગેડની ટુકડીએ દોડી જઈ ત્રણ ફાયર ફાઈટરની મદદથી આગ બુજાવવા માટેની કામગીરી હાથ ધરી હતી. ગોડાઉન ચોતરફથી પેક હોવાના કારણે અંદર ધુમાડો એકત્ર થઈ જતાં ફાયર શાખાની ટુકડીએ સ્પેશિયલ કીટ પહેરીને ગોડાઉનમાં ઉતારવાનો વારો આવ્યો હતો. જામનગરના ત્રણ દરવાજા નજીક પોટરીવાળી ગલીમાં આવેલા હોલસેલના વેપારીના ગોડાઉનમાં મંગળવારે દોઢ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. ગોડાઉન ચારેય તરફથી પેક હોવાથી અંદર રહેલો પુઠ્ઠા પ્લાસ્ટિકનો જથ્થો સળગવા લાગ્યો હતો. ત્યારબાદ ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેથી આસપાસના વિસ્તારના લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર શાખાની ટિમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી. બપોરના સમયે ગોડાઉન બંધ હોવાથી તેનું શટર ઊંચકાવીને આગ બુઝાવવાનો વારો આવ્યો હતો. પરંતુ ગોડાઉનની અંદર ધુમાડો બહાર નીકળવાની કોઈ જગ્યા ન હોવાના કારણે ખૂબ જ મોટા પ્રમાણમાં ધુમાડો જમા થયો હતો, જેથી ફાયર શાખાની ટુકડીને સ્પેશિયલ ઓક્સિજન માસ્ક અને બોટલ સાથેની કીટ પહેરીને અંદર ઉતારવાનો વારો આવ્યો હતો, અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ગોડાઉનની અંદર પૂઠા-પ્લાસ્ટિક વગેરે હોવાથી ગોડાઉનની અંદર આગની મોટી જ્વાળાઓ જોવા મળી હતી, અને અંદર રાખેલો પીપર-બિસ્કીટ સહિતના પેકિંગનો મોટો જથ્થો સળગી ઉઠ્યો હોવાના કારણે વેપારીને મોટું નુકસાન થયું છે. આગના બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડ શાખાના ચીફ ફાયર ઓફિસર સહિતની ટુકડી બનાવના સ્થળે પહોંચી હતી, અને અંદાજે પંદરેક જેટલા ફાયરના જવાનોએ ભારે જહેમત લઈને આગને કાબુમાં લીધી હતી. આ આગની ઘટના સમયે મોટી સંખ્યામાં આસપાસના વિસ્તારના લોકો એકત્ર થઈ ગયા હતા. પરંતુ સમયસર આગને કાબુમાં લઈ લીધી હોવાથી આસપાસના વિસ્તારમાં આગ પ્રસરતિ અટકી હતી.

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડનો નિર્ણય

# ધૂળેટીની રજા ૧૩ માર્ચે હોવાથી ધોરણ ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો

### ભૂગોળની પરીક્ષા ૭ માર્ચના સ્થાને ૧૨ માર્ચ યોજાશે, સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ અગ્રિકલચર સહિતના વિષય પરીક્ષા ૧૫ માર્ચે યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ધોરણ ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફારના સમાચાર સામે આવ્યા છે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા નિર્ણય લેવાયો છે. ધૂળેટીની રજા ૧૩ માર્ચે હોવાથી પરીક્ષા તારીખમાં ફેરફાર કરાયો છે. ભૂગોળની પરીક્ષા ૭ માર્ચના સ્થાને ૧૨ માર્ચ યોજાશે. સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ અગ્રિકલચર સહિતના વિષય પરીક્ષા ૧૫ માર્ચે યોજાશે. ૧૩ તારીખે આયોજિત ફારસી, સંસ્કૃત, અરબી, પ્રકૃતની પરીક્ષા ૧૭ માર્ચે યોજાશે. અગામી ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૫માં ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે. અગાઉ ૨૭ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી પરીક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હવે ઉપર મુજબના ફેરફાર કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે દર વર્ષની સરખામણીએ આ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા વહેલી લેવામાં આવશે. ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. જ્યારે સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ માર્ચે પૂરી થવાની હતી, જે હવે ૧૭ માર્ચે પૂરી થશે. ધોરણ ૧૦માં પ્રથમ પેપર ભાષાનું રાખવામાં આવ્યું છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટેનો સમય ૧૦થી ૧.૧૫ સુધીનો રહેશે. જ્યારે ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટેનો સમય ૩થી ૬.૧૫ સુધીનો હશે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા પૂરી થયા પછી ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે. ગુજકેટની પરીક્ષાની તારીખ પણ અગાઉ જાહેર કરી દેવામાં આવી હતી. ૨૩ માર્ચે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા લેવાશે. જેમાં સવારના ૧૦ વાગ્યાથી લઈને સાંજના ૪ વાગ્યા સુધી વિવિધ એક્ઝામ સેન્ટર પર આ પરીક્ષા યોજાશે. સમગ્ર મામલે ગુજરાત બોર્ડની વેબસાઈટ પર દરેક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓ ત્યાં જઈને વિગતવાર પરીક્ષાનો કાર્યક્રમ જોઈ શકશે.

### ઇનકમ ટેક્સની એન્ટ્રીથી કરચોરીની વિગતો સામે આવશે

# ખ્યાતિ કેસની તપાસમાં હવે ઇનકમ ટેક્સ પણ જોડાશે

### તમામ તબીબો અને સંચાલકોના ઇનકમ ટેક્સ રિટર્ન સહિત તેમની મિલકતોની વિગતોની તપાસ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

નિર્દોષ લોકોના જીવ સાથે જ્યાં રમત થતી હતી તે ખ્યાતિ હોસ્પિટલના સંચાલકોએ સીધી સરકાર સાથે જ ઠગાઈ કરીને સરકારને કરોડોનો ચૂનો લગાવ્યો છે. આ ઠગ ટુકડીએ હિસાબોમાં ગોટાળા કરીને કરોડોની કરચોરી પણ કરી છે. આ અંગેની તપાસ પોલીસ કરી રહી છે. જોકે હવે ખ્યાતિ હોસ્પિટલના આર્થિક વ્યવહારોની તપાસ ઈનકમ ટેક્સની ટીમ દ્વારા પણ કરવામાં આવશે.

ઈનકમ ટેક્સના અધિકારીઓએ આ કૌભાંડની વિગતો મેળવી હોવાનું જાણી શકાયું છે. માત્ર કૌભાંડ કરવા અને સરકારી યોજનાધારકોના બિનજરૂરી ઓપરેશન કરી લાખોની કાળી કમાણી કરવા જ ખ્યાતિ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. ખ્યાતિ હોસ્પિટલની ટીમ દ્વારા અંતરિયાળ ગામડાંમાં જઈને કેમ્પ કરી લોકોને હોસ્પિટલમાં લાવવામાં આવતા હતા. આ દર્દીઓને કોઈ પણ જરૂર ન હોય તેમ છતાં તેમના ઉપર સર્જરી કરી સરકારી યોજનાના બિલ પાસ કરાવી દેવાતા હતા. હોસ્પિટલના ચાલાક સંચાલકોએ આ સરકારી યોજનાઓના બિલ સિવાય પણ ઘણા દર્દીઓની સારવાર કરી કરોડોની કમાણી કરી હતી. જે આવક તેમના દ્વારા છૂપાવીને કરોડોની કરચોરી કરવામાં આવી હોવાનું જાણી શકાયું છે. તેને પગલે હવે ખ્યાતિ કૌભાંડની તપાસમાં ઈનકમ ટેક્સની ટીમ પણ જોડાશે.

આયકર વિભાગ દ્વારા તમામ તબીબો અને સંચાલકોની સ્થાવર અને જંગમ મિલકતોની તપાસ શરૂ કરવામાં આવશે અને તેમણે કેટલી કરચોરી કરી તે શોધવામાં આવશે. ખ્યાતિ હોસ્પિટલના ચિરાગ રાજપૂતને તો માસિક સાત લાખ રૂપિયાનો પગાર પણ ચૂકવવામાં આવતો હતો. આ ઉપ રાંત તે રોકડમાં ઘણી જગ્યાએથી ઘણું કમિશન મેળવતો હોવાની વિગતો પણ તપાસ એજન્સીઓના ધ્યાનમાં આવી છે.ખ્યાતિકાંડની તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ૩ ઈન્સ્પેક્ટરોની છ ટીમ કામ કરી રહી છે. આ ઉપરાંત મેડિકલ એક્સપર્ટસની ટીમ અને એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ તપાસ કરે છે. ઈનકમ ટેક્સની એન્ટ્રીથી કરચોરીની વિગતો સામે આવશે.

### મહેસાણાના યુવકે કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે તેવી નવી મેડિકલ ટેક્નોલોજી પર સંશોધન કર્યું

। મહેસાણા, તા.૧૦ ।

ગુજરાતી શું ન કરી શકે તેનું વધું એક ઉદાહરણ જોવા મળ્યું છે. ગુજરાતના એક યુવાને એવું સંશોધન કર્યુ છે જે ભારતમાં કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે છે. તેની સાથે કેન્સરની સારવાર પર વિદેશી દવાઓ પરની નિર્ભરતા ઘટાડી ભારતને આ મોરચે આત્મનિર્ભર બનાવી શકે છે. ગુજરાતી શું ન કરી શકે તેનું વધું એક ઉદાહરણ જોવા મળ્યું છે. ગુજરાતના એક યુવાને એવું સંશોધન કર્યુ છે જે ભારતમાં કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે છે. તેની સાથે કેન્સરની સારવાર પર વિદેશી દવાઓ પરની નિર્ભરતા ઘટાડી ભારતને આ મોરચે આત્મનિર્ભર બનાવી શકે છે. મહેસાણાના આ યુવકે તેની ટીમ સાથે મળીને એવું સંશોધન કર્યુ છે જે વિજ્ઞાનના ક્ષેત્રમાં ક્રાંતિ લાવી શકે છે. યુવા વૈજ્ઞાનિક હર્ષિલ દવેનું સંશોધન કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવશે." ગાંધીનગરમાં પીએચડી કરી રહેલા હર્ષિલ દવેએ કેન્સરની સારવાર માટે હાઈડ્રોજેલ સોલ્યુશન નામની નવી મેડિકલ ટેક્નોલોજી પર સંશોધન કર્યું છે.

### અમદાવાદ જિલ્લામાં ચલાવાશે લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઇન

# ૧૨થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નવ તાલુકાનાં ૨૭ ગામોમાં શંકાસ્પદ કેસોની તપાસ કરાશે



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

વર્ષ ૨૦૨૭ સુધીમાં રક્તપિત્તમુક્ત ભારતના વિઝનને સાકાર કરવા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર તથા આરોગ્ય તંત્ર દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવે છે. રક્તપિત્તનું સમયસર નિદાન થઈ જાય અને યોગ્ય સારવાર મળી જાય તો તેનાથી વહેલીતકે મુક્તિ મેળવી શકાય છે તથા કોઈ પણ જાતની ખોડખાંપણ નિવારી શકાય છે. રક્તપિત્તના શંકાસ્પદ કેસોને શોધીને સારવાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી ૧૨મી ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન 'લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઇન' (એલસીડીસી)નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઇન અંગે બેઠક યોજવામાં આવી હતી. કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કેમ્પેઇનની રૂપરેખા અંગે જાણકારી મેળવીને આ કેમ્પેઇનને વધારે સુવ્યવસ્થિત અને સઘન બનાવવા માટે જરૂરી સૂચનો આપ્યાં હતાં. ૧૨થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ કેમ્પેઇન અંતર્ગત અમદાવાદ જિલ્લાના નવ તાલુકાનાં ૨૭ ગામોમાં શંકાસ્પદ કેસોની તપાસ કરાશે. આ કેમ્પેઇનમાં જિલ્લાની ૬૪ ટીમ દ્વારા ૨૭ ગામના ૭૯૧૯ પરિવારના આશરે ૪૦,૭૩૭ લોકોની આરોગ્યની તપાસ હાથ ધરાશે તો સાથે સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ આ દિવસોમાં ૧૭૭ ટીમ થકી ૮૧,૮૨૨ લોકોનું હેલ્થ સ્ક્રીનિંગ હાથ ધરાશે. અમદાવાદ જિલ્લોમાં વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં રક્તપિત્તના માત્ર છ નવા કેસ સામે આવ્યા છે. શહેરી વિસ્તારની વાત કરીએ તો અમદાવાદ શહેરમાં રક્તપિત્તના ૩૦ નવા કેસ જોવા મળ્યા છે. અલબત્ત, દર ૧૦,૦૦૦ની વસ્તીની દૃષ્ટિએ કેસની સંખ્યા જોઈએ તો અમદાવાદ જિલ્લામાં રક્તપિત્તનું પ્રમાણ ઘણું નીચું માત્ર ૦.૦૮ રહ્યું છે, એટલે ચિંતાજનક નથી, છતાં આ રોગ અંગે લોકજાગૃતિ અને લોકસહકાર ખૂબ જ જરૂરી છે. કુષ્ઠરોગમુક્ત જિલ્લાના લક્ષ્ય સાથે અમદાવાદનું જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સજ્જ છે.

જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં યોજાયેલી લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઇનની બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષ પરમાર, જિલ્લા આરોગ્ય તંત્રના કુષ્ઠરોગ વિભાગના અધિકારીશ્રીઓ, એએમસીના આરોગ્ય શાખાના અધિકારીશ્રીઓ અને જિલ્લા સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરક્ષિત પાટાઓ અને સ્માર્ટ ટ્રેનો : "ભવિષ્યમાં વધુ સુરક્ષિત યાત્રાઓ"

અનિલ કુમાર ખંડેલવાલ
(આઈઆરએસઈ-૧૯૮૭)
નિવૃત્ત હોદ્દેદાર સચિવ, ભારત સરકાર

વિતેલા દાયકામાં કરવામાં આવેલી સુવ્યવસ્થિત શરૂઆતોના મહત્વપૂર્ણ પરિણામો સામે આવવાથી રેલગાડીઓ પર હવે ભારતીયો પહેલાથી ઘણા વધારે સુરક્ષિત છે. આ વાત વિશેષરૂપે પ્રશંસનીય એટલે પણ છે, કારણ કે કોઈ પણ અન્ય દેશ પ્રત્યેક વર્ષે ૧ લાખ કરોડ યાત્રી કિલોમીટર (પીકેએમ) અને લગભગ ૬૮૫ કરોડ રેકોર્ડ યાત્રીઓનું રેલવે મારફતે અવરજવર કરાવનાર ભારતથી વધુ લોકોનું રેલવે મારફતે અવરજવર કરાવતો નથી. આ સિદ્ધિ અનન્ય છે, ત્યાં સુધી કે પાડોશી દેશ ચીન પણ પોતાના વિશાળ રેલવે નેટવર્ક અને તુલનાત્મક વસ્તી આકાર છતાં મહાપરાણે અડધા યાત્રીએ (વાર્ષિક લગભગ ૩૦૦ કરોડ) ની જ અવરજવર કરાવે છે.

સુરક્ષામાં નોંધપાત્ર સુધારો – ગંભીર ઘટનાઓની ઓળખના મુખ્ય સંકેતો – મહત્વપૂર્ણ રેલવે દુર્ઘટનાઓની સંખ્યા ભારે ઘટાડાથી જાહેર છે, જેમની સંખ્યા વર્ષ ૨૦૦૦-૦૧ માં ૪૭૩ થી ઘટીને વર્ષ ૨૦૨૩-૨૪ માં ફક્ત ૪૦ રહી ગઈ. આ સુધારો પાટાઓને બહેતર બનાવવા, માનવરહિત લેવલ ક્રોસિંગને સમાપ્ત કરવા, પુલોની સ્થિતિની નિયમિત દેખરેખ કરવાથી અને સ્ટેશનોને ડિજિટલ બનાવવા વગેરેની દિશામાં કરવામાં આવેલા કેન્દ્રિત પ્રયત્નોના મારફતે શક્ય થયું છે.

યાત્રીઓની સંખ્યા અને પાટાઓની લંબાઈ પર ધ્યાન કરવાથી આ સિદ્ધિ વધુ પ્રભાવશાળી થઈ જાય છે. કોઈપણ દિવસે સરેરાશ, ૨ કરોડથી વધુ લોકો ૭૦,૦૦૦ રૂટ કિલોમીટર (આરકેએમ) લાંબા નેટવર્ક પર યાત્રા કરે છે. પીક સિઝનમાં આ સંખ્યા પ્રતિદિવસ ૩ કરોડ સુધી પહોંચી જાય છે, જે એક અન્ય વિશ્વ રેકોર્ડ છે.

હકીકતમાં આનો આશય એ છે કે ભારત પ્રત્યેક દિવસે પોતાની લગભગ ૨ ટકા વસ્તીની સુરક્ષિત રીતે રેલવે મારફતે અવરજવર કરાવે છે, જ્યારે આની સરખામણીમાં ચીન ફક્ત ૦.૫૮ ટકા અને અમેરિકા ૦.૦૯ ટકા લોકોની ટ્રેન દ્વારા અવરજવર કરાવે છે.

લગભગ દોષરહિત સુરક્ષા રેકોર્ડ છતાં, રેલવે દુર્ઘટનાઓ વિશ્વભરમાં એક ગંભીર વાસ્તવિકતા છે. જોકે કોઈપણ રેલવે સિસ્ટમ માટે આદર્શ સ્થિતિ શરૂઆતથી જ એક પણ દુર્ઘટના ન થવા દેવી છે, પરંતુ કોઈ પણ પ્રમુખ નેટવર્ક આ સ્થિતિને પ્રાપ્ત કરી શક્યું નથી. ભારતીય રેલવે (આઈઆર) નેટવર્કના ફક્ત ચોથા ભાગ જેટલા ઓસ્ટ્રેલિયન રેલવેમાં નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ માં રેલગાડીઓના પાટા પરથી ઉતરી જવાની ૫૨ ઘટનાઓ નોંધવામાં આવી. આ રીતે, ભારતીય રેલવેથી લગભગ બમણા આકારના ૨,૬૦,૦૦૦ ટ્રેક કિલોમીટર (ટીકેએમ) વાળા અમેરિકન રેલવે નેટવર્કમાં એ જ વર્ષે રેલગાડીઓની પાટા પરથી ઉતરી જવાની ૧,૩૦૦ ઘટનાઓ નોંધવામાં આવી. ૨,૦૦,૦૦૦ ટીકેએમ વાળા યુરોપીયન સંઘ નેટવર્ક (ભારતીય રેલવેના ૧.૫ ગણા) માં ૨૦૨૨ માં ૧૫૬૮ દુર્ઘટનાઓ થઈ.

પોતાના સમકક્ષોની જેમ, ભારતીય રેલવેમાં પણ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રેલગાડીઓના પાટાથી ઉતરી જવાની ઘટનાઓ નોંધવામાં આવી, પરંતુ આ ઘટનાઓ ઘણી ઓછા ૧૩૭ ના સ્તરે રહી.

આ સંખ્યા વિકસિત દેશોની



સરખામણીમાં ભારતીય રેલવેના જબરદસ્ત સુરક્ષા પ્રદર્શનનું પ્રમાણ છે અને કેટલાક વર્ષોથી ઈચ્છનીય સ્તરથી ઓછું મૂડીગત વ્યય, અમલદારશાહી, રાજનીતિકરણ અને ભ્રષ્ટાચારના લીધે સુષુપ્ત અવસ્થામાં રહેવા છતાં શક્ય થયું છે. પરંતુ પાછલા કેટલાક દાયકાઓમાં ફેલાયેલી બદીઓની ગંદકીને સારા પ્રશાસનના એક અથવા બે કાર્યકાળમાં ધોઈ ન શકાય.

છતાં આઈઆર મિશ્ર વાહનવ્યવહાર મોડલનો ઉપયોગ કરે છે, વિદેશોમાં કેટલાય રેલવે માલ અને ઉતારૂ રેલગાડીઓ માટે અલગ-અલગ ટ્રેકનો ઉપયોગ કરે છે. આનો સારાંશ છે કે ભારતમાં દરેક દુર્ઘટના માટે રેલવે યાત્રી સુરક્ષાના ગંભીરરૂપના જોખમમાં પડવાની શક્યતા ઘણી વધારે છે.

દુર્ઘટનાઓના મૂળ કારણને તરત જ દૂર કરવું અને રેલગાડીના પાટાથી ઉતરવાથી મુક્ત રેલવે નેટવર્ક હાંસલ કરવું અત્યંત મહત્વપૂર્ણ છે. આના માટે માનવીય ઈન્ટરફેસને ઘટાડવા અને પ્રણાલીગત વિશ્વનીયતામાં સુધારો કરવા માટે મહત્વપૂર્ણ ટેકનિકલ શરૂઆતની જરૂરીયાત રહેશે.

યાત્રી સુરક્ષાને પ્રાથમિકતા આપવા પર ભાર મુકતાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સુરક્ષાથી જોડાયેલી પરિયોજનાઓમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે અને ચાલુ નાણાંકિય વર્ષમાં એનાથી વધારે ખર્ચ કરવાની યોજના છે. આનો ઉદ્દેશ ટ્રેનો, પુલો, પાટાઓ અને સિગ્નલિંગ સિસ્ટમની ઉત્તમ જાળવણીની સાથે-સાથે ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ દ્વારા પાટાઓની પાસે બહેતર માર્ગ સુરક્ષાની વ્યવસ્થા છે.

રેલવે સુરક્ષા પ્રદર્શનનું એક સૂચક આંક – પ્રતિ મિલિયન ટ્રેન કિલોમીટર દુર્ઘટના (એપીએમટીકે) ની સંખ્યા વર્ષ ૨૦૦૦-૦૧ માં ૦.૬૫ થી ઘટીને ૨૦૨૩-૨૪ માં ૦.૦૩ થઈ ગઈ છે. આ આધુનિક, અત્યાધુનિક ટ્રેક જાળવણી અને નવીનતમ મશીનોનો ઉપયોગ કરીને બહેતર ટ્રેક જાળવણી કરવાનું પ્રશંસનીય પરિણામ છે. આના સિવાય પાટાની ખામી શોધવામાં સુધારો, રેલ વેલ્ડ સંબંધિત ત્રુટીઓ પર અંકુશ અને માનવીય ત્રુટીઓને ઓછી કરવા માટે અપગ્રેટેડ ટેકનીક સહિત કેટલાક વધારાના ઉપાયો પણ કરવામાં આવ્યા છે.

આ પરિણામોને જાળવી રાખવા અને વધુ ઉત્તમ બનાવવા ટેકનીકલ દખલગીરી અને લક્ષ્યાંકિત પ્રશિક્ષણનું સંયોજન અપનાવવામાં આવ્યું છે.

પાટાઓની જાળવણી માટે આધુનિક મશીનોની ઉપસ્થિતિ ૨૦૧૩-૧૪ દરમિયાન ૭૦૦ થી વધારીને આ વર્ષે ૧,૬૬૭ કરવામાં આવી છે, જેનાથી પાટાઓની જાળવણીમાં સુધારો થયો છે. સંપત્તિની વિશ્વસનીયતાને વધારવા માટે સંપૂર્ણ નેટવર્કમાં રેલવે ગ્રાઈન્ડીંગ પણ લાગુ કરવામાં આવ્યું છે.

રેલવે સંચાલન માટે ગંભીર સુરક્ષા જોખમ ઉતપન્ન કરનારી તોફાની પ્રવૃત્તિઓને અટકાવવા અને ભાંગફોડ, પાટાઓથી છેડછાડ, તથા પાટાઓ પર અસંબંધિત વસ્તુઓ રાખવા જેવી સમસ્યાઓના નિવારણ માટે હવે પાટાઓ પર સતત દેખરેખ રાખવામાં આવે છે.

સુરક્ષા શરૂઆતનો એક મુખ્ય આધાર લોકો પાયલોટોને ખરાબ દ્રશ્યતાવાળા હરીયાળીથી ઘેરાયેલા વિસ્તારોમાં નેવિગેટ કરવામાં સહાયતા આપવા માટે જીપીએસ-આધારિત ફૉગપાસ ડિવાઈસની સંખ્યા વધારવાનો છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં ફક્ત ૯૦ જીપીએસ-આધારિત ફૉગપાસ ડિવાઈસની સરખામણીમાં હવે આમની સંખ્યા ૨૧,૭૪૨ થઈ ગઈ છે.

પાયલોટની સતર્કતા વધારનારા સતર્કતા નિયંત્રણ ઉપકરણ (વીસીડી) તમામ એન્જિનોમાં લગાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં આમની સંખ્યા ૧૦,૦૦૦ થી પણ ઓછી હતી, જે આજે વધીને ૧૬,૦૨૧ થઈ ગઈ છે. બ્રોડ ગેજ માર્ગો પર ૬,૬૩૭ સ્ટેશનોમાંથી ૯૯ ટકાથી વધુ પર પેનલ ઈન્ટરલોકિંગ, રૂટ રિલેઈન્ટરલોકિંગ અને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ જેવી અપગ્રેડેડ સિગ્નલિંગ સિસ્ટમ્સની જોગવાઈ કરવામાં આવી છે.


આ સિવાય, ડ્રાઈવીંગ કૌશલ અને રિએક્શન ટાઈમને સુધારવા માટે લોકો-પાયલોટ હવે સિમ્યુલેટ-આધારિત (સિમ્યુલેટીંગ ફિલ્ડ એક્સપીરીઅન્સ) થી પસાર થાય છે, જ્યારે ફ્રન્ટ લાઈન સ્ટાફને અગ્નિશમનનું પ્રશિક્ષણ મળે છે. સરવાળે, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૬ લાખથી વધુ રેલવે કર્મચારીઓએ વિવિધ પ્રકારના પ્રશિક્ષણ, આરંભિક, પ્રમોશનલ, રિફ્રેશર અને વિશેષ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યા.

માનવ સુરક્ષા સિવાય, ભારતીય રેલવે દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ પાટાઓના છેડે ૬,૪૩૩ કિલોમીટર (કિ.મી.) વાડ લગાવીને વન્યજીવ અને પશુધનની સુરક્ષા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ઓગસ્ટ ૨૦૨૪ સુધી આમાંથી ૧,૩૯૬ કિલોમીટર ઉપર કામ પૂરૂં થઈ ચુક્યું છે, જેનાથી આ માર્ગો પર પશુઓના ટકરાવાની ઘટનાઓમાં ઘટાડો થશે.

આ ઉપાયોના પૂરક રૂપે, વધારે સુરક્ષિત લિંકે-હૉફમેન-બુશ (એલએચબી) કોચ પણ રજૂ કરવામાં આવ્યા છે, જેમનામાં દુર્ઘટના વખતે ઉતારૂને સુરક્ષિત રાખવાની ઉત્તમ વિશેષતાઓ હાજર છે. એમને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે અથડામણ થવા પર આ કોચ બીજા કોચ પર નથી ચઢી જતા, જેને પરિણામે રેલગાડી પાટા પરથી ઉતરવાની અને યાત્રીઓને ઈજા થવાની આશંકા ઓછી થઈ જાય છે. એલએચબી કોચ ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધીની ગતિ પર સુરક્ષિત સંચાલન માટે બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ૪,૯૭૭ એલએચબી કોચીઝના નિર્માણની સાથે એમના ઉત્પાદનમાં ઘણો વધારો થયો છે, જે વર્ષ ૨૦૧૩-૧૪ માં ઉત્પાદિત ૨,૪૬૭ થી બે ગણાથી પણ વધારે છે.

જોકે આ પગલાં પ્રશંસનીય છે, પરંતુ સરકારે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે યાત્રાને સુરક્ષિત બનાવવાના તેમના પ્રયત્નોમાં કોઈ ઘટાડો ન થાય. ભારતીય રેલવે પહેલેથી જ પરિવહનનું સૌથી સુરક્ષિત સાધન છે, પરંતુ ભવિષ્યમાં તે વધુ સુરક્ષિત થઈ જશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

રશિયામાં મોસ્કો ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ અને રક્ષામંત્રી એન્ડ્રી બેલોસોવે ભારત-રશિયા આંતર-સરકારી કમિશન ઓન મિલિટરી એન્ડ મિલિટરી ટેકનિકલ કોઓપરેશન (IRIGC-M&MTC)ના ૨૧મા સત્રની સહ-અધ્યક્ષતા કરી હતી.

### ત્રીજા લેવલનું એલર્ટ જારી, લોકોને હટાવી રહ્યાં છે

# ફિલિપાઈન્સમાં ફાટ્યો જ્વાળામુખી, ૮૭ હજાર લોકોનું કરાયું રેસ્ક્યૂ

## આ નેગ્રોસ ઓક્સિડેન્ટલ અને નેગ્રોસ ઓરિએન્ટલ પ્રાંતની વચ્ચે હાજર છે

## અગાઉ આ જ્વાળામુખી આ વર્ષે 3 જૂને અને ડિસેમ્બર ૨૦૧૭માં ફાટ્યો હતો

। (એજન્સી) ફિલિપાઈન્સ, તા.૧૦ ।

મધ્ય ફિલિપાઈન્સમાં હાજર કાનલાઓન જ્વાળામુખી ૯ ડિસેમ્બર ૨૦૨૪માં ફાટ્યો. જેના કારણે રાખના ગોટેગોટા ત્રણ કિલોમીટર ઉપર સુધી ગયા. ફિલિપાઈન ઈન્સ્ટીટ્યુટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સિસ્મોલોજીના અનુસાર આ હજુ વધુ વિસ્ફોટ કરી શકે છે. આગામી થોડા દિવસો સુધી જોખમ અકબંધ છે. થર્મલ અને એક્સરે કેમેરા મોનિટર્સ અનુસાર ગરમ લાવા અને પથ્થરનું ઘનત્વ ખૂબ વધુ છે. પહાડના શિખરથી ભારે પ્રમાણમાં ગરમ રાખ અને કીચડ નીકળીને આવી રહ્યો છે. આ સેંકડો ફૂટ પ્રતિ સેકન્ડની ગતિથી નીચે આવી રહ્યું છે. ફિલિપાઈન્સના સિવિલ ડિફેન્સ ઓફિસે ૮૭ હજાર લોકોને સુરક્ષિત સ્થળો પર પહોંચવાનું કામ શરૂ કરી દીધું છે. PHIVOLCS અનુસાર આ જ્વાળામુખી હજુ શાંત થયો નથી. ભવિષ્યમાં કોઈ પણ સમય ફાટી



શકે છે. આ જ્વાળામુખી દેશના બે ડઝન સક્રિય જ્વાળામુખીઓમાંનો એક છે. આ નેગ્રોસ ઓક્સિડેન્ટલ અને નેગ્રોસ ઓરિએન્ટલ પ્રાંતની વચ્ચે હાજર છે. અગાઉ આ જ્વાળામુખી આ વર્ષે ૩ જૂને અને ડિસેમ્બર ૨૦૧૭માં ફાટ્યો હતો. છેલ્લા વિસ્ફોટ બાદ વિસ્તારમાં ઘણા દિવસો સુધી લોકો પાછા આવ્યા નહોતા. આ રોકાઈ-રોકાઈને ફાટી રહ્યો હતો. ત્યારથી સતત આમાંથી ઝેરીલા ગેસ અને ગરમ રાખ નીકળી રહી હતી. ખાસકરીને ૧૯ ઓક્ટોબર બાદથી. આ પહાડની આસપાસના વિસ્તારોમાં દરરોજ પથી ૨૬ વખત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યાં છે. હાલ આ જ્વાળામુખીના કારણે આસપાસના વિસ્તારોમાં ત્રીજા લેવલનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે એટલે કે એક અઠવાડિયાની અંદર આમાં ફરીથી મોટો વિસ્ફોટ થવાની શંકા છે. આગામી સ્કેલ ચોથા સ્તરનું એલર્ટ હશે. સતત થનારા વિસ્ફોટ અને સૌથી સીરિયસ ટાઈપ હોય છે પાંચમાં સ્તરનું એલર્ટ એટલે કોઈ પણ કલાક કે દિવસમાં તેનો વિસ્ફોટ થઈ શકે છે.

### મુસ્તફાબાદ બેઠક પરથી તાહિર હુસૈનને ટિકિટ આપવામાં આવી

# દિલ્હી રમખાણોના આરોપીને AIMIMએ બનાવ્યો પોતાનો ઉમેદવાર

## ફેબ્રુઆરી ૨૦૨૨ના દિલ્હી રમખાણોમાં પોલીસે તેની ચાર્જશીટમાં તાહિર હુસૈન અને અન્ય ૧૪ લોકો પર આરોપો મૂક્યા હતા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૦ ।

અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIMએ દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનને આવતા મહિને દિલ્હીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. મુસ્તફાબાદ બેઠક પરથી તાહિર હુસૈનને ટિકિટ આપવામાં આવી છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં દિલ્હીમાં રમખાણો થયા હતા. દિલ્હી પોલીસે તેની ચાર્જશીટમાં તાહિર હુસૈન અને અન્ય ૧૪ લોકો સામે રમખાણો અને હિંસા ફેલાવવાના આરોપો મૂક્યા હતા. રમખાણોમાં આરોપી તરીકેનું નામ બહાર આવ્યા બાદ આમ આદમી પાર્ટીએ તાહિર હુસૈનને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા. તાહિર હુસૈન ત્યારે મ્યુનિસિપલ કાઉન્સિલર હતા. પોલીસ ચાર્જશીટમાં તાહિર



હુસૈનને રમખાણોનો માસ્ટર માઈન્ડ ગણાવવામાં આવ્યો હતો. પોલીસે ચાર્જશીટમાં કહ્યું હતું કે, તાહિર હુસૈને હિંસા ભડકાવી હતી, રમખાણોનું કાવતરું ઘડ્યું હતું અને રમખાણોનું આયોજન કરવા માટે પૈસા પણ ખર્ચ્યા હતા. પોલીસે કરકરડૂમા કોર્ટમાં દાખલ ચાર્જશીટમાં કહ્યું હતું કે, ઉત્તર દિલ્હીના ચાંદ બાગ વિસ્તારમાં થયેલા રમખાણોમાં તાહિર હુસૈનની મહત્ત્વની ભૂમિકા હતી. જોકે તાહિર હુસૈને કહ્યું હતું કે, તે નિર્દોષ છે. આવતા મહિને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આમ આદમી પાર્ટીએ ૨૦૧૫ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મોટા માર્જિનથી જીત મેળવી હતી. ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીએ કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી, પરંતુ આ સરકાર માત્ર ૪૯ દિવસ જ ચાલી શકી અને કેજરીવાલના રાજીનામાને કારણે પડી ગઈ. બીજી તરફ ભાજપ અરવિંદ કેજરીવાલને દિલ્હીમાં સત્તા પરથી હટાવવા માંગે છે. ૨૦૧૫ અને ૨૦૨૦ની ચૂંટણીમાં દિલ્હી બીજેપીના રાજ્ય નેતૃત્વ અને રાષ્ટ્રીય નેતૃત્વએ શ્રેષ્ઠ પ્રયાસ કર્યા હતા. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત ઘણા મોટા નેતાઓએ પાર્ટીના ઉમેદવારો માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો પરંતુ પાર્ટી જીત નોંધાવી શકી ન હતી.

### ન્યૂઝ બ્રિફ

## સીરિયા પર ઈઝરાયલે તાબડતોબ હુમલો કર્યો

। (એજન્સી) ઇઝરાયલ, તા.૧૦ ।

રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને પલાયન કરતાં જ ઈઝરાયલે સીરિયા પર હુમલા કરવાનું શરૂ કરી દીધા છે. મીડિયા સૂત્રો મુજબ ઈઝરાયલે હવાઈ હુમલામાં સીરિયન આર્મીના ત્રણ મોટા એરબેઝને નિશાન બનાવ્યા છે. બોમ્બ ધડાકામાં ડઝનબંધ હેલિકોપ્ટર અને જેટ વિમાનોને નુકસાન પહોંચ્યું છે. ઉત્તર-પૂર્વ સીરિયામાં કમિશ્લી એરપોર્ટ, હોમ્સના ગ્રામીણ વિસ્તારોમાં શિનશર એરપોર્ટ અને રાજધાની દમિષ્કના દક્ષિણ -પશ્ચિમમાં અકરબા એરબેઝને નિશાન બનાવ્યા છે. આ સિવાય રાજધાની દમિષ્કની બહાર સ્થિત એક રિસર્ચ સેન્ટર અને સઈદા ઝૈનબ વિસ્તારમાં એક ઈલેક્ટ્રોનિક યુદ્ધ કેન્દ્ર પર પણ હુમલો કર્યો હતો. ઇઝરાયલના અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે ઇઝરાયલ સીરિયાના અદ્યતન શસ્ત્રોના ભંડાર પર હવાઈ હુમલા વધારશે અને બશર અલ-અસદની સત્તા ઉથલાવી નાખ્યા પછી ઉદ્ભવતા કોઈપણ જોખમને રોકવા માટે જમીન પર મર્યાદિત લશ્કરી હાજરી જાળવી રાખશે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેમના કાર્યાલયમાં મોડી રાત્રે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે સીરિયામાં નવી સ્થિતિને પગલે અમે અમારી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લઈશું. ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝે કહ્યું કે સૈન્ય સમગ્ર સીરિયામાં ભારે વ્યૂહાત્મક હથિયારોનો નાશ કરશે. સરફેસ ટુ એર મિસાઈલ, એર ડિફેન્સ સિસ્ટમ, સરફેસ ટુ સરફેસ મિસાઈલ, ક્રુઝ મિસાઈલ, લોન્ગ રેન્જ રોકેટ અને કોસ્ટલ મિસાઈલોનો પણ નાશ કરવામાં આવશે.

## દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રને કોર્ટમાંથી મળ્યું સમન્સ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૦ ।

દિગ્ગજ બૉલીવુડ અભિનેતા ધર્મેન્દ્ર તેમની રેસ્ટોરન્ટ ફ્રેન્ચાઈઝી ‘ગરમ ધરમ ધાબા’ને લઈને કાનૂની મુશ્કેલીમાં ફસાયા છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે તાજેતરમાં ‘ગરમ ધરમ ધાબા’ ફ્રેન્ચાઈઝી સાથે સંબંધિત છેતરપિંડીના કેસમાં પીઢ બોલીવુડ અભિનેતા ધર્મેન્દ્ર અને અન્ય બે વિરુદ્ધ સમન્સ જારી કર્યા છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ યશદીપ ચહલે આ સમન્સ જારી કર્યું છે. દિલ્હીના બિઝનેસમેન સુશીલ કુમારે કોર્ટમાં ધર્મેન્દ્ર પર ફ્રેન્ચાઈઝીમાં રોકાણ કરવાની લાલચ આપીને છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો હતો. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે તાજેતરમાં ‘ગરમ ધરમ ધાબા’ ફ્રેન્ચાઈઝી સાથે સંબંધિત છેતરપિંડીના કેસમાં પીઢ બોલિવૂડ અભિનેતા ધર્મેન્દ્ર અને અન્ય બે સામે સમન્સ જારી કર્યા છે, જેની સુનાવણી ફેબ્રુઆરી ૨૦૨૫માં હાથ ધરવામાં આવશે. અહેવાલ અનુસાર, ૫ ડિસેમ્બરના રોજ જારી કરાયેલા સમન્સ ઓર્ડરમાં, જજે કહ્યું કે, ‘રેકોર્ડ પરના પુરાવા સૂચવે છે કે આરોપીઓએ ફરિયાદીને તેમના સામાન્ય ઈરાદાને આગળ વધારવા અને છેતરપિંડીનો ગુનો કરવા માટે પ્રેરિત કર્યા છે.

### મૃતકોમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ

# ઉત્તર પ્રદેશના હાથરસમાં એક ભયાનક અકસ્માતમાં ૭ લોકોના મોત થયા

## મુસાફરોને લઈ જઈ રહેલી ટાટા મેજિક કાબૂ બહાર ગઈ અને ટ્રક સાથે અથડાઈ, ટ્રક કાબુ બહાર જઈને પલટી ખાઈ ગઈ હતી

। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશના હાથરસમાં એક ભયાનક અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે. ૮ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. મૃતકોમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. મુસાફરોને લઈ જઈ રહેલી ટાટા મેજિક કાબૂ બહાર ગઈ અને ટ્રક સાથે અથડાઈ. ટ્રક કાબુ બહાર જઈને પલટી ખાઈ ગઈ હતી. ટાટા મેજિક હાથરસના કુમરાઈ ગામથી એટાના નાગલા ઈમલિયા ગામ જઈ રહ્યું હતું. તમામ લોકો યુપીના રહેવાસી છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથે દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. પોલીસ સ્ટેશન કોતવાલી હાથરસ જંક્શન વિસ્તારના સલેમપુર પાસે વાહનોની ટક્કર થઈ હતી. ગંભીર રીતે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા



છે. માર્યા ગયેલા તમામ સાત લોકો મેજિકમાં મુસાફરી કરી રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે દરેક વ્યક્તિ કેન્સરથી પીડિત ૬૦ વર્ષના વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા. મેજિકમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. સલેમપુર બરેલી-મથુરા રોડ પર અકસ્માત સર્જાયો હતો. ટ્રક સાથે અથડાતા જ જાદુની કસોટી અદૃશ્ય થઈ ગઈ. કાર ઘણી વખત પલટી મારી ખાડામાં પડી હતી. અકસ્માત બાદ એક મહિલાનું સારવાર માટે હોસ્પિટલ લઈ જતા રસ્તામાં જ મોત નીપજ્યું હતું.

### પત્ની અને સાસુની ધર્મ બદલવાની બળજબરી

# ધર્મ પરિવર્તન માટે પત્નીએ દબાણ કરતાં છત્તીસગઢના પુરુષની આત્મહત્યા કરી

## પોલીસને વોટ્સએપ સ્ટેટસ પરથી મૃત્યુનું કારણ જાણવા મળ્યું: પત્ની સહિત ચાર વ્યક્તિની ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

છત્તીસગઢના રહેવાસીએ પત્ની અને સાસુની ધર્મ બદલવાની બળજબરીથી કંટાળી આત્મહત્યા કરી છે. ૩૦ વર્ષના પુરુષે સોશિયલ મીડિયા પોસ્ટમાં પરિવારના સભ્યો પર ત્રાસ આપવાનો આરોપ મૂક્યો હતો. પોલીસે આત્મહત્યાના કેસમાં તેની પત્ની સહિત ચાર વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે, ૭ ડિસેમ્બરે લિનેશ સાહુ નામની વ્યક્તિનો મૃતદેહ અર્જુની પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પોટિયાદિહ ગામના એક ઘરમાં લટકતો મળ્યો હતો. તપાસમાં સાહુએ આત્મહત્યા પહેલાં વોટ્સએપ પર અપડેટ કરેલા સ્ટેટસમાં તેણે લખ્યું હતું કે, પત્ની અને સાસુ દ્વારા ધર્મ પરિવર્તન માટે બળજબરીને કારણે તે પરેશાન હતો. સાહુએ વોટ્સએપ સ્ટેટસનો મેસેજ ૭ ડિસેમ્બરે સવારે ૩.૪૩ કલાકે પરિવારની



અન્ય વ્યક્તિ સાથે શેર કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, “હું મારી પત્નીથી કંટાળી ગયો છે. તે મને ધર્મ બદલવા માટે ત્રાસ આપી રહી છે. હું સાસરે ગયો ત્યારે મારા સાસુ અને પત્નીની બે બહેનોએ પણ ધર્મ બદલવા માટે હેરાન કર્યો હતો.” પોલીસના જણાવ્યા અનુસાર સાહુ રાયપુરની રહેવાસી કરુણાને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પરણ્યો હતો. કેસમાં કરુણા (૨૭ વર્ષ), તેના માતાપિતા રાજકુમાર અને ગૌરી સાહુ તેમજ બહેન કિરણ સાહુની ધરપકડ કરી છે. કરુણાની નાની બહેન કનિષ્કાને પકડવાના પ્રયાસ ચાલુ છે.

### મેચમાં શમીએ બે સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૩૨ રન ફટકાર્યા

# મોહમ્મદ શમીએ ટી૨૦માં શાનદાર પ્રદર્શનથી ફરીથી દાવો રજૂ કર્યો



। (એજન્સી) બેંગલોર, તા.૧૦ ।

ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમનું અત્યાર સુધીનું પ્રદર્શન મિશ્ર રહ્યું છે. અત્યાર સુધીમાં રમાયેલી બે ટેસ્ટ દરમિયાન કોઈને કોઈ સંજોગોમાં ઝડપી બોલર મોહમ્મદ શમીની ગેરહાજરી અનુભવાઈ છે અને તેને કારણે સ્ટાર બોલર જસપ્રિત બુમરાહ પરનું દબણ વધી રહ્યું છે. આ સંજોગોમાં મોહમ્મદ શમી હવે ફિટ થઈ ગયો છે અને હાલમાં ભારતીય ડોમેસ્ટિક સિઝનમાં તે શાનદાર રમત દાખવી રહ્યો છે. સોમવારે જ રમાયેલી સૈયદ મુસ્તાક અલી ટી૨૦ ટુર્નામેન્ટની મેચમાં શમીએ ચંદીગઢ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે પોતાની ચાર ઓવરના સ્પેલમાં ૧૩ ડોટ બોલ ફેંક્યા હતા જે ટી૨૦ ક્રિકેટનું સૌથી મોટું જમાપાસું ગણાય છે. આ ઉપરાંત પોતે કેટલો ફિટ છે તે પુરવાર કરવા માટે શમીએ ૧૩૯ કિલોમીટરની ઝડપે બોલિંગ કરી હતી અને બેટિંગમાં પણ પ્રભાવ દાખવીને ૧૭ બોલમાં ૩૨ રન ફટકારી દીધા હતા.દસમા ક્રમે રમવા આવીને શમીએ બે સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૩૨ રન ફટકાર્યા હતા. જેને કારણે બેંગાલનો સ્કોર ૧૫૯ સુધી પહોંચી શક્યો હતો. આ ૩૨ રન કેટલા મહત્વના હતા તે મેચના પરિણામ પરથી ખ્યાલ આવી જશે કેમ કે અંતે શમીની બેંગાલની ટીમ ત્રણ રનથી મેચ જીતી શકી હતી. પ્રિ ક્વાર્ટર ફાઈનલ મેચના આ વિજય સાથે બેંગાલે મુસ્તાક અલી ટી૨૦ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો.ઉલ્લેખનીય છે કે છેલ્લા એક વર્ષથી ક્રિકેટથી દૂર રહેલો મોહમ્મદ શમી વર્તમાન સિઝનની તેની ટીમની તમામ મેચમાં રમ્યો છે અને તેણે પોતાના ચાર ઓવરના સ્પેલ પણ પૂરા કર્યા છે. ૩૪ વર્ષીય મોહમ્મદ શમી આ સિઝનમાં છેલ્લા ૧૬ દિવસમાં બેંગાલ માટે આઠ ટી૨૦ મેચ રમ્યો છે.

# ઉત્તર પ્રદેશ અભ્યાસમાં પાછળ, ૭ લાખ બાળકો શાળાથી દૂર છે

## નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ આઠ મહિનામાં દેશભરમાં ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે, જેમાં ૧૧.૭૦ લાખથી વધુ એવા બાળકોની ઓળખ કરાઇ છે

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧૦ ।

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ આઠ મહિનામાં દેશભરમાં ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે, જેમાં ૧૧.૭૦ લાખથી વધુ એવા બાળકોની ઓળખ કરવામાં આવી છે જેઓ શાળાઓમાં ભણતા નથી. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણ ક્ષેત્રે હજુ પણ અનેક પડકારો બાકી છે. સંસદના શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી તેલુગુ દેશમ પાર્ટીના સાંસદ મથુકુમિલી શ્રીભારતના પ્રશ્નના જવાબમાં કહ્યું કે દેશભરમાં ૧૧ લાખ ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ શાળાઓમાં પ્રવેશ મેળવવાથી વંચિત



છે. સોમવારે લોકસભામાં આપવામાં આવેલા આ ચોંકાવનારા આંકડાઓ અનુસાર સૌથી ગંભીર સ્થિતિ ઉત્તર પ્રદેશની છે, જ્યાં લગભગ ૭ લાખ ૮૫ હજાર વિદ્યાર્થીઓ શાળા શિક્ષણથી વંચિત છે. ઝારખંડમાં આ સંખ્યા ૬૫ હજારથી વધુ છે, જ્યારે આસામમાં લગભગ ૬૪ હજાર વિદ્યાર્થીઓ શાળાની બહાર છે. ગુજરાત જેવા આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યમાં પણ ૫૪ હજાર ૫૦૦ થી વધુ બાળકો શાળાએ જઈ શકતા નથી. મધ્યપ્રદેશ અને હરિયાણામાં પણ સ્થિતિ ચિંતાજનક છે, જ્યાં ૩૦ થી ૪૦ હજાર વિદ્યાર્થીઓ શાળાએ જતા નથી. શિક્ષણના મામલામાં પહેલેથી જ પછાત બિહારમાં લગભગ ૨૫ હજાર બાળકો શાળાથી દૂર છે. શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિનો દાવો કરનાર દિલ્હીમાં પણ લગભગ ૧૮ હજાર ૩૦૦ બાળકો શાળાની બહાર છે. જો કે, સરકારે તેના જવાબમાં એ પણ ઉલ્લેખ કર્યો છે કે શિક્ષણ બંધારણની સમવર્તી સૂચિ હેઠળ આવે છે, તેથી શાળા શિક્ષણ મોટાભાગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અધિકારક્ષેત્રમાં આવે છે અને સરકાર દ્વારા આપવામાં આવેલા આંકડા સમાન છે જે તેમને પ્રાપ્ત થયા છે રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી. જે શિક્ષણ મંત્રાલય હેઠળના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા તેના ઓનલાઈન ડેશબોર્ડ દ્વારા એકત્રિત કરવામાં આવ્યું છે. સકારાત્મક બાજુએ, લદ્દાખ અને લક્ષદ્વીપ જેવા કેન્દ્રશાસિત પ્રદેશોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, જેમાં એક પણ વિદ્યાર્થી શાળાની બહાર નથી. પોંડિચેરીમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ શાળાના શિક્ષણથી વંચિત છે, જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આ સંખ્યા માત્ર બે છે

તંત્રી લેખ...

# ભારતમાં વંચિત વર્ગોને અપાતી અનામત પર ડોળો

ભારતીય બંધારણના શિલ્પકાર ડો.આંબેડકરના મૂલ્યો અને શિક્ષાને આત્મસાત કરીને આપણે એક પ્રબુદ્ધ નાગરિક રૂપે એ રસ્તે ચાલવાની પ્રતિબદ્ધતાનો સંકલ્પ લઈએ. એવા જ સંકલ્પનું એક પાસું છે કે બંધારણીય ભાવ અને મૂલ્યોનો હ્રાસ ન થાય અને દેશકાળ તથા પરિસ્થિતિઓને અનુરૂપ તેમને સુસંગત કરાતા રહે. આપણા બંધારણ નિર્માતા આ સંદર્ભે બહુ દૂરદર્શી હતા. તેમણે આ લોકતાંત્રિક ગ્રંથને જડવત્ નહિ બનાવીને લચીલો બનાવ્યો. ભારતીય બંધારણની સફળતાઓમાં આ પાસાની વિશિષ્ટ ભૂમિકા પણ રહી છે. આ પાસું બંધારણની યોગ્ય વ્યાખ્યા માટે ગુંજાશ પ્રદાન કરે છે અને આ દાયિત્વ સંબંધિત સંસ્થાઓ સમયે સમયે પોતાના આ કર્તવ્યની પૂર્તિ પણ કરતી રહે છે. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ઈસાઈ પંથને અનુસરતી તમિલનાડુની એક મહિલાના અનુસૂચિત જાતિના લાભથી જોડાયેલી અરજી મામલે એવું જ કરવામાં આવ્યું હતું. સર્વોચ્ચ ન્યાયાલયે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવતાં અનુચ્છેદ-૨૫ના દુરુપયોગની વાત કહી. બંધારણના અનુચ્છેદ-૨૫ અંતઃકરણ તરફ ધર્મ એટલે કે પંથને નિર્બાધ રૂપે માનવા, આચરણ અને પ્રચાર કરવાની સ્વતંત્રતા પ્રદાન કરે છે, પરંતુ તેની આડમાં દેશમાં ધર્માંતરણનું ઘૃણિત ચક્ર ચલાવવામાં આવે છે. ઈસાઈ અને ઈસ્લામ પંથમાં ધર્માંતરિત અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને અનામતના લાભ પર લાંબા સમયથી ચર્ચા ચાલી આવે છે. ભારતના બંધારણમાં શિક્ષમ, સેવા, સત્તા અને શાસનમાં અનુસૂચિત જાતિ-જનજાતિની યોગ્ય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે અનામતની જોગવાઈ કરવામાં આવી. અસ્પૃશ્યતા વિરુદ્ધ ડો.ભીમરાવ આંબેડકરના લાંબા સંઘર્ષના નાતે તમામ પક્ષોના નેતા વાતે-વાતે તેમનું નામ લઈને રાજકીય રોટલા શેકવા માગે છે. રાજકીય પક્ષો અને ગઠબંધન તેનો ફાયદો ઉઠાવવા માટે ઈસ્લામી અને ઈસાઈ સંગઠનોના પક્ષકાર બનીને દેશમાં તેમના દ્વારા કરાઈ રહેલા છળબળથી ધર્માંતરણ પર મૌન છે. સમયે સમયે ઈસાઈ મિશનરીઓ દ્વારા અનુસૂચિત જાતિ અને જનજાતિના ધર્માંતરણના સમાચાર પ્રકાશિત થતા રહે છે. ભય કે લાલચની આડમાં ધર્માંતરણ કરાવનારા જ્યારે પકડાઈ જાય છે તો બંધારણના અનુચ્છેદ-૨ની આડ લઈને બચી નીકળે છે. બિહારના બક્સર જિલ્લામાં પાદરીઓએ ઈસાઈ પંથમાં મહિલાઓને વટલાવતી વખતે તેમના સેંથામાંનું સિંદૂર પણ ધોઈ નાખ્યું હતું.

## રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશન દ્વારા આયોજિત માનવ અધિકાર દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યાં

**માનવ અધિકાર દિવસ પર આપણે ન્યાય, સમાનતા અને ગૌરવના મૂલ્યો પ્રત્યેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાનું નવીનીકરણ કરવું જોઈએ જે આપણા રાષ્ટ્રને વ્યાખ્યાયિત કરે છેઃ રાષ્ટ્રપતિ મુર્મુ**

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૧૦ ડિસેમ્બર, ૨૦૨૪) નવી દિલ્હીમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા આયોજિત માનવ અધિકાર દિવસની ઉજવણીમાં હાજરી આપી અને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ભારતે પોતાની ૫,૦૦૦ વર્ષથી વધુ જૂની સંસ્કૃતિના વારસા સાથે સહાનુભૂતિ, કરુણા અને સુમેળભર્યા સમુદાયમાં વ્યક્તિઓના આંતર-જોડાણના મૂલ્યોને સમર્થન આપ્યું છે. આ મૂલ્યોના આધારે, દ્રઉૅઈઝ અને જીઉૅઈઝ જેવી સંસ્થાઓ, નાગરિક સમાજ, માનવાધિકાર રક્ષકો, વિશેષ સંવાદદાતાઓ અને વિશેષ નિરીક્ષકો, બધા માટે માનવ અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે કાર્યરત છે. તેમણે ઉલ્લંઘનોને દૂર કરવા, જાગરૂકતા વધારવા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના અધિકારોને જાળવી રાખવા માટે નીતિમાં ફેરફાર કરવાની ભલામણ કરવામાં દ્રઉૅઈઝ દ્વારા સક્રિય ભૂમિકાની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત તમામ નાગરિકોને નાગરિક અને રાજકીય અધિકારોની બાહેંધરી આપવાની પોતાની પ્રતિબદ્ધતામાં દ્રઢ છે. સરકાર તમામ માટે આવાસ, સ્વચ્છ પીવાનું પાણી, સુધારેલ સ્વચ્છતા, વીજળી, રાંધણગેસ અને નાણાકીય સેવાઓથી લઈને આરોગ્યસંભાળ અને શિક્ષણ માટે સંખ્યાબધ્ધ સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક અધિકારોની બાંયધરી આપે છે. મૂળભૂત જરૂરિયાતોની જોગવાઈને અધિકારોની બાબત તરીકે જોવામાં આવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જેમ જેમ આપણે ભવિષ્યમાં આગળ વધી રહ્યા છીએ તેમ તેમ આપણે ઉભરતા પડકારોનો સામનો કરી રહ્યા છીએ. સાયબર ક્રાઈમ અને ક્લાઈમેટ ચેન્જ માનવ અધિકારો માટે નવા જોખમો છે. ડિજિટલ યુગ, પરિવર્તનશીલ હોવા છતાં, તેની સાથે સાયબર ધમકીઓ, ડીપ ફેક, ગોપનીયતાની ચિંતાઓ અને ખોટી માહિતીનો ફેલાવો જેવા જટિલ મુદ્દાઓ લાવ્યા છે. આ પડકારો દરેક વ્યક્તિના અધિકારો અને ગૌરવનું રક્ષણ કરતા સુરક્ષિત, સંરક્ષિત અને ન્યાયપૂર્ણ ડિજિટલ વાતાવરણને પ્રોત્સાહન આપવાના મહત્વ પર ભાર મૂકે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે આપણા રોજબરોજના જીવનમાં પ્રવેશી ચૂક્યું છે, જે ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવે છે અને ઘણી નવી સમસ્યાઓ ઊભી પણ કરે છે. માનવ અધિકાર પર અત્યાર સુધીની ચર્ચા માનવ એજન્સી પર કેન્દ્રિત રહી છે, એટલે કે, ઉલ્લંઘન કરનારને માનવી માનવામાં આવે છે, જેમાં કરુણા અને અપરાધ જેવી માનવીય લાગણીઓ હોય છે. જો કે છૈંની સાથે ગુનેગાર એક બિન-માનવ પરંતુ બુદ્ધિશાળી એજન્ટ હોઈ શકે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જળવાયુ પરિવર્તન આપણને વૈશ્વિક સ્તરે માનવ અધિકારની વિચારસરણીની સમીક્ષા કરવા દબાણ કરે છે. એક અલગ સ્થળ અને અલગ યુગના પ્રદૂષકો બીજા સ્થાને અને બીજા સમયગાળાના લોકોના જીવનને અસર કરી રહ્યા છે. ગ્લોબલ સાઉથના અવાજ તરીકે ભારતે જળવાયુની કાર્યવાહીમાં યોગ્ય રીતે નેતૃત્વ લીધું છે. સરકારની પહેલ, જેમ કે ૨૦૨૨ એનર્જી કન્ઝર્વેશન (એમેન્ડમેન્ટ) બિલ, ગ્રીન ક્રેડિટ ઈનિશિયેટિવ, અને લાઈફસ્ટાઈલ ફોર એન્વાયર્નમેન્ટ, અથવા ન્લ્લઈ, મૂવમેન્ટ, ભવિષ્યની પેઢીઓ માટે સ્વચ્છ અને હરિયાળો ગ્રહ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રદર્શન છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં માનસિક સ્વાસ્થ્ય મુદ્દો વધુને વધુ મહત્વપૂર્ણ બની ગયો છે, ખાસ કરીને આપણા બાળકો અને યુવાનો માટે. તેમણે તમામ હિતધારકોને આપણા બાળકો અને યુવાનોને અસર કરતા તણાવને દૂર કરવા માટે પર્યાપ્ત પગલાં શરૂ કરવા અપીલ કરી હતી. તેમણે વ્યાપારી નેતાઓને એ સુનિશ્ચિત કરવા વિનંતી કરી કે વધતી જતી 'ગીગ ઈકોનોમી' ગીગ કામદારોના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર ન કરે.

**આખી જીંદગી હે ઈશ્વર તે આમ શું કામ કર્યુ! અને તેમ ન કર્યુ! એમાં કાઢવી હોય તો કોઈ શું કરી શકે છે! બાકી ધારે તો તું ઘણું કરી શકે છે**

# જેનું યશ ગાન ગાતાં આપણું મન ધરાય નહીં, એવાં યશોદા બા ની જીવન ગાથા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**યશોદા બા એ માલતીને કહ્યું માલતી તું તો ઘણું ભણેલી છો, તો લોકોમાં આ બધી બાબતે જાગૃતિ આવે એવું પણ કંઈક વધુ સારું કરી શકે છે, ગરીબ અને અનાથ બાળકોને ભણાવી શકે છે, ઝૂંપડપટ્ટીમાં રહેતી સ્ત્રીઓને માસિકના સમયે રખાતી તકેદારી વિશે સમજણ આપી શકે છે, અને આવાં સમયે સ્વચ્છતાનું મુલ્ય સમજાવી શકે છે.**

આજે હરિ મંદિરમાં પંચદેવની પૂજામાં શિવલિંગને દૂધનો અભિષેક કરતી હતી, અને યા તે રૂદ્ર શિવા.. બોલતી હતી પણ પૂજામાં મન લાગતું નહોતું અને અંતરમાં બિલાડીનો મ્યાઉં મ્યાઉં અવાજ પડઘાતો હતો! જાણે એમ કહેતી હોય મને દૂધ આપતી નથી, અને આમ દૂધ ઢોળે છે! અમારા ઘર આસપાસ ક્યાંક બિલાડીને બચ્ચા આવ્યાં હશે, એટલે જીવદયાથી પ્રેરાઈને રોજ દૂધ રોટલી આપતી! પણ બિલાડી વિશ્વાસઘાતી પ્રાણી હોવાથી બે ત્રણ વખત દુધ બોટી ગઈ, એટલે આપવાનું બંધ કર્યું, પણ બિલાડી એનાં સમયે આવીને મ્યાઉં મ્યાઉં કરતી! અંતર કકળતું પણ ખરું! છતાં દૂધ આપ્યું નહીં, એટલે જાણે એ સહેમી હુઈ સંવેદના એ બળવો કર્યો હોય એમ પૂજામાં પણ મન ન લાગ્યું, જોકે સંસારીની પૂજા મમ્મી કહેતી એમ માની લેજો ઠાકોરજી! એવી જ હોય. પણ કહેવાનું એ છે કે આમ જ આપણાં સૌની સંવેદના આપણા દ્વારા જ સહેમી ગઈ છે! રોકાઈ ગઈ છે! કે જડ બની ગઈ છે. આજે તો આખો દિવસ આમથી તેમ આંટા ફેરા થયાં અને માલતી થાકીને લોથપોથ થઈ કોફીનો કપ લઈને બેઠી! એ વિચારવા લાગી કે આજથી એક વર્ષ પહેલા જો યશોદા બા ને પોતાના મનની મુંઝવણ કીધી ન હોત તો! આજે એની જીંદગી હજી એકલતાનાં અભિશાપ જેવી હોત! વાત જાણે એમ હતી કે માલતી એક સાધારણ દેખાવ અને સાધારણ પરિવારની ૫૦ વર્ષની વિધવા હતી. મયંક તેનો એકનો એક દીકરો પરણીને બધું ગોઠવાઈ જાય પછી તને પણ બોલાવીશ એમ કરીને મેટ્રો શહેરમાં વસી ગયો હતો! ન બોલાવતો હતો કે ન આવતો હતો. શરૂઆતમાં થોડા રુપિયા આવતાં હતાં પણ પછી એ પણ બંધ થઈ ગયા. માલતીના પતિ એક પ્રાઈવેટ કંપનીમાં સામાન્ય કારકૂનની નોકરી કરતા હતાં એટલે એવી કોઈ સંપત્તિ મુકીને ગયા ન્હોતા. માલતી ઘણીવાર ભગવાનને કહેતી કે થોડા રુપિયા હોત તો, સમાજ સેવા કરીને આ એકલતા દૂર કરત! માલતી રોજ મંદિરે જતી અને આરતી પૂરી થાય એટલે પાછી આવે, મહોલ્લામાંથી યશોદા બા પણ આરતીમાં આવતા હતાં, જે ઉંમરમાં ૭૦ વર્ષના હતા! અને એ પણ એકલાં જ રહેતાં હતાં, પણ એણે ક્યારેય પોતાની એકલતાની ફરિયાદ કરી નહોતી, અને કાયમ સ્ફૂર્તિવંત રહેતા હતાં, અને શરીર હજી ટટ્ટાર હતું.



માલતી એ પોતાનાં મનની વાત કરી કે થોડીઘણી સમાજ સેવા કરવાની ઈચ્છા હતી, પણ એટલાં રુપિયા ક્યાં છે! યશોદા બા હસી પડ્યા અને કહ્યું માલતી મને તો મારો પતિ સંતાન આપી શકતી નથી એમ કરીને છોડી ગયો હતો! એક ભવમાં બે ભવ કરવા ન્હોતાં એટલે જીવનને નવો વળાંક આપવા વિચાર્યું. માલતી સમાજ સેવા રુપિયાથી જ થાય! એવું કોણે કહ્યું? માલતી કંઈ સમજી નહીં, એટલે કહ્યું તું કાલે મારી સાથે આવજે. બીજે દિવસે મંદિર પાસેની પરબની કોઠી ચોખ્ખા પીવાના પાણીથી ભરી ગ્લાસ અને ઢાંકણ સાફ કર્યા! સામેની બાજુએ આવેલ કેટલાય છોડને પાણી પાયું. રસ્તામાં આવતો કચરો કે પ્લાસ્ટિક એક કચરાપેટી નાખવા ગયા! કચરા પેટી આસપાસ પડેલ વેસ્ટ ફૂડ માંથી ગાય કૂતરા ખાઈ શકે એવું એને નાંખતા નાંખતા આગળ વધ્યા! રસ્તામાં કોઈ એ ખાવાનું પ્લાસ્ટિક બેગમાં નાખ્યું નથી ને ! કારણકે ગાય ખાય તો એને કેન્સર થાય છે! નકામી પ્લાસ્ટિક બેગ ખાઈ ખાઈને લાખોની સંખ્યામાં ગાય કૂતરા મરે છે, એવું કહ્યું. વળી પાછાં મંદિર પાસે આવ્યાં અને પૂજારી પાસેથી પરચૂરણ લઈ અને નાના નાના દુકાનદારોને આપ્યાં, અને એમણે સો રુપિયે દસ દસ રુપિયા વધુ આપ્યા, એમાંથી ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો માટે પેન્સિલ લીધી. પેન્સિલ દેવાં ગયા એટલે એમની માતા ઓને મળીને ઓછાં સાધનથી રસોઈને શરીર સંબંધી નાની ટીપ્સ આપી! સાથે લાવેલ હળદર, હીંગ, અને અજમો જેવી ઘરઘથ્થુ ઔષધિ જેને જરુર હતી એને આપી! માલતી સાથે એ હોસ્પિટલ પહોંચ્યાં, અને ત્યાં દાખલ થયેલાં દર્દીઓને ફળ કે દવા લાવી આપ્યાં. આજે કેટલી ડિલિવરી થઈ છે, એની તપાસ કરીને એમને બાળકનાં જન્મ પછી કેટલાં ટીકા અને શું કામ લેવાનાં છે, એ સમજાવ્યું. યશોદા બા એ માલતીને કહ્યું માલતી તું તો ઘણું ભણેલી છો, તો લોકોમાં આ બધી બાબતે જાગૃતિ આવે એવું પણ કંઈક વધુ સારું કરી શકે છે. ગરીબ અને અનાથ બાળકોને ભણાવી શકે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતી સ્ત્રીઓને માસિકના સમયે રખાતી તકેદારી વિશે સમજણ આપી શકે છે, અને આવાં સમયે સ્વચ્છતાનું મુલ્ય સમજાવી શકે છે. હવે તો ગર્ભાશયનાં કેન્સરનો ખતરો ટાળવા મ્યુનિસિપલ કોર્પોરેશન માંથી લોકોને સેનેટરી પેડ રાહત દરે આપે છે! એ બધું સમજાવી શકે છે. એમને કે એમનાં પતિને વ્યસન મુક્તિ કેન્દ્રની જાણકારી અને એનાં લાભ વિશે વાત કરી વ્યસન છોડાવી શકે છે. માલતી કોનાં જીવનમાં સમસ્યા નથી હોતી! પણ આ લોકો આગળ આપણી સમસ્યા કંઈ જ નથી! બાકી તારી મરજી! આખી જીંદગી હે ઈશ્વર તે આમ શું કામ કર્યું! અને તેમ ન કર્યું! એમાં કાઢવી હોય તો કોઈ શું કરી શકે છે! બાકી ધારે તો તું ઘણું કરી શકે છે. માલતીનાં મન અને મગજમાં યશોદા બા નાં માલતી તું ધારે તો ઘણું કરી શકે એમ છો! એ મર્મ વાક્યની બહુ અસર થઈ અને એણે ગાંઠ બાંધી કે રુપિયા હોય તો જ સમાજ સેવા થાય ! એવું બિલકુલ નથી હું ઘણું કરી શકું એમ છું! પછાત અને શ્રમજીવી લોકોમાં અવર્નેસ એટલે કે જાગૃતિ આવે એ માટે થઈને એ લોકો વચ્ચે જઈ ઉદાહરણ સાથે વાતો કરવી કંઈક પ્રેકટિકલ બતાવવા, વ્યસન એ રૂપિયા અને શરીર બંને નો નાશ કરનાર છે! એ સમજાવવું! બીજું સૌથી વધુ તો આજે લોકોને પ્રેમનો અભાવ સતાવે છે, એટલે એમનું પણ કોઈ છે! એવું જતાવવું આ બધું જ એનાથી થઈ શકે! છોકરાંવને વાર્તા રૂપે આપણા શાસ્ત્રોની કથાઓ સંભળાવી શકાય! જેથી કરીને રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા, જેવા ચરિત્રોથી પરિચિત કરાવી શકાય! અને આજે તો એનું જીવન સમુગળુ બદલાઈ ગયું હતું અને એ વિચારતી હતી કે મયંક છોડી ગયો નહોત તો ! આમાંનું કંઈ જ કરી શકી નહોત! મમતા વશ કદાચ એ જ આંટીઘૂંટીમાં અટવાઈને જીવતી હોત. હે ભગવાન તે મને યશોદા બા સાથે મેળવીને ધન્ય કરી દીધી, અને એટલે અંતે હું મારા અસ્તિત્વ ને સિદ્ધ કરી શકી અને આ માનવ જીવન સફળ બનાવી શકી. મિત્રો શું નથી લાગતું કે બીજું કંઈ નહીં તો આવી થોડી અવર્નેસ રાખીને આપણે પણ સમાજ સેવા કરી શકીએ એમ છીએ?

**ભગવાન માટે જાગે તેને ભગવાન મળે! કબીરજી કહે છે કે, દુનિયા કેવી સુખથી ખાય છે અને ઊંઘે છે. દુ:ખી માત્ર હું છું, જાગું છું અને રોઉં છું.**

# બુદ્ધિમાં ઈશ્વરનો અનુભવ થાય ત્યારે સંસારનું બંધન તૂટે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વસુદેવ જેમ શ્રીકૃષ્ણને મસ્તક પર રાખે છે, તેમ જે શ્રીકૃષ્ણને બુદ્ધિ માં પધરાવે છે તેનાં સર્વ બંધન તૂટી જાય છે, તેના સંસાર-કારા ગૃહના દરવાજાનાં તાળાંની જેમ તૂટી જાય છે, વસુદેવજી કારાગૃહ માંથી બહાર આવ્યા કે, દાઉદજી દોડતા આવ્યા અને શેષનાગ રૂપે બાલ કૃષ્ણ ઉપર છત્ર કર્યું, યમુનાજીને અતિશય આનંદ થયો દર્શનથી તૃપ્તિ થઈ નહીં, પ્રાણ વલ્લભને મળવા અધીરાઈ થઈ, યમુનામાં જળ ઊંચે ચઢવા માંડ્યાં પ્રભુએ ટોપલામાંથી પગ બહાર કાઢ્યા.**

માયાનો આશ્રય કર્યા વગર ભગવાન અવતાર ધારણ કરી શકતા નથી. શુદ્ધ બ્રહ્મનો અવતાર થઈ શકતો નથી.ઈશ્વર શુદ્ધ સ્વરૂપે આવે તો જેને જેને તેનાં દર્શન થાય તેને મુક્તિ મળી જાય. નિવારણ બ્રહ્મ સાક્ષાત્કાર થાય તેને મુક્તિ મળે છે. માયાવરણ યુક્ત બ્રહ્મનાં દર્શન થાય તેને મુક્તિ મળતી નથી. ભગવાન માટે જાગે તેને ભગવાન મળે! કબીરજી કહે છે કે, દુનિયા કેવી સુખથી ખાય છે અને ઊંઘે છે. દુઃખી માત્ર હું છું, જાગું છું અને રોઉં છું.પણ રુદન મને વહાલું છે. ભક્તો કબીરની પેઠે જાગે છે અને રુવે છે અને તેમાં આનંદ માણે છે. આવી રીતે કંસે દેવકીનાં છ બાળકોનો નાશ કર્યો છે. યોગમાયા આવ્યાં. યોગમાયા દેવકીના સાતમા ગર્ભને રોહિણીના ઉદરમાં સ્થપાવે છે. રોહિણી સગર્ભા થયાં અને દાઉદજી મહારાજ પ્રગટ થયા. ભાદરવા સુદ બીજના રોજ. બળદેવ એ શબ્દબ્રહ્મનું સ્વરૂપ છે. શબ્દબ્રહ્મ પહેલાં આવે તે પછી પરબ્રહ્મ આવે શ્રીકૃષ્ણ આવે. જે બીજાને યશ આપે, પોતે લે નહીં તે યશોદા. યશોદા સર્વને રાજી કરતાં હતાં. સર્વને યશઆપો અને અપયશ તમારા માથે રાખો તો ઠાકોરજી પ્રસન્ન થશે, પણ જીવ એવો દુષ્ટ છેકે,પોતાના માથે યશ રાખે અને અપયશ બીજાને માથે રાખે છે. સર્વને આનંદ આપે તે નંદ. વાણી, વિચાર, વર્તન-સદાચારથી જે સર્વ ને આનંદ આપે તેને ત્યાં ભગવાન આવે છે. નંદબાબાએ સર્વનેઆનંદ આપ્યો છે, જે સર્વને આપે છે, તેને ત્યાં પરમાનંદ આવે છે. બધા ગોવાળો શાંડિલ્ય ઋષિ પાસે આવી કહે, મહારાજ, કાંઈક કરો કે જેથી નંદજીના ઘરે છોકરા થાય. શાંડિલ્ય ઋષિના કહેવાથી બધા એકાદશીનું વ્રત કરે છે. એકાદશી મહાન વ્રત છે. એકાદશીના દિવસે પાન-સોપારી ખવાય નહીં, દિવસે સૂવાય નહીં. ફળાહાર પણ થોડો જ કરવાનો. બારસે શું જમવાનું કરશું તેનો વિચાર એકાદશીએ કરો તો એકાદશીનો ભંગ થશે. એકાદશીને દિવસે ખૂબ ભાગવત સ્મરણ કરો!ભાદરવા સુદ અગિયારસથી ગોકુળના બધા માણસો નિર્જળા એકાદશી વગેરે વ્રતો કરી તપશ્ચર્યા કરે છે, તેથી તે પછી ભગવાન ગોકુળમાં આવે છે. આખું ગામ વ્રત કરે છે. બાળકો પણ કરે છે. પ્રત્યેકને એવું લાગે છેકે, હું નંદબાબા માટે તપ કરું છું. આ બાજુ દેવકીને આઠમો ગર્ભ રહ્યો. કંસે સેવકોને કહ્યું, સાવધાન રહેજો, મારો કાળ હવે આવશે. સેવકોએ કહ્યું, અમે ઊંઘતા નથી, ખડો પહેરો ભરીએ છીએ. બાળક થશે એટલે ખબર આપીશું. દેવકી ના ગર્ભમાં રહેલા નારાયણની દેવો પ્રાર્થના કરે છે. આપ સત્ય સ્વરૂપ છો. ત્રિકાલાબાધિત છો. અમને આપેલું વરદાન સત્ય કરવા આપ પધારો છો. આપની જય હો! દેવોએ દેવકીને આશ્વાસન આપ્યું. જીવને ઈશ્વર વિના જ્યારે ચેન પડતું નથી, જ્યારે જીવ તરફડે છે, અતિ આતુર બને છે ત્યારે જ પ્રભુ નો અવતાર થાય છે. ચંદ્ર રોહિણી નક્ષત્રમાં આવ્યો, દિશાઓ સ્વચ્છ થઈ ગઈ, આકાશ નિર્મળ થયું, નદીઓનાં પાણી નિર્મળ થયાં, વનરાઈઓમાં પક્ષી ઓ અને ભમરાઓ કલ્લોલ કરવા લાગ્યાં. શીતળ, સુગંધી તથા પવિત્ર વાયુ વાવા લાગ્યો. મહાત્મા પુરુષોનાં મન પ્રસન્ન થયાં સ્વર્ગમાં દુદુંભિ ઓ



વાગવા માંડ્યાં મુનિઓ અને દેવતાઓ આનંદમાં આવી જઈને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા પરમ પવિત્ર સમય પ્રાપ્ત થયો. શ્રાવણ માસ, શ્રીકૃષ્ણ પક્ષની અષ્ટમીએ મધ્યરાત્રિએ દેવકી વસુદેવ સમક્ષ ચતુર્ભુજ નારાયણ ભગવાન પ્રગટ થયા. ભગવાને શ્રીહસ્તમાં શંખ, ચક્ર, ગદા,પદ્મ ધારણ કર્યા છે. મારાં ચરણનો આશ્રય કરશે તેના ધર્મ, અર્થ, કામ, મોક્ષએ ચારે પુરુષાર્થો હું સિદ્ધ કરી આપીશ. એ બતાવવા માટે ચતુર્ભુજ સ્વરૂપ છે. પરમાત્મા વિશેષમાં બોધ આપે છે કે, મારા ભક્તોનું હું ચારેકોરથી રક્ષણ કરું છું.અતિ દીન બની વસુદેવ-દેવકીએ ઈશ્વરનુંઆરાધન કર્યું.પછી ચતુર્ભુજ સ્વરૂપ અદશ્ય થયું અને બે હાથવાળા બાળ કનૈયાલાલ પ્રગટ થયા.બાળ કનૈયાલાલ કી જય! વસુદેવ શુદ્ધ સત્ત્વગુણનું સ્વરૂપ છે શુદ્ધવિશુદ્ધ ચિત્તએ વસુદેવ છે. દેવકી એ નિષ્કામ બુદ્ધિ છે. એ બેનું મિલન થાય એટલે ભગવાનનો જન્મ થાય છે. પ્રભુએ કહ્યું,મને ગોકુળ લઈ જાવ વસુદેવે ટોપલીમાં બાલકૃષ્ણને મૂક્યા, પણ જવું કેમ? કારાગૃહના સર્વ દરવાજા બંધ છે. પરંતુ જ્યાં બાલકૃષ્ણને માથે મૂક્યાં ત્યાં સર્વ બંધન ફટાફટ તૂટી ગયાં! દરવાજા ખૂલી ગયા, હાથપગની બેડીઓ તૂટી ગઈ. મસ્તકમાં બુદ્ધિ છે. બુદ્ધિમાં ઈશ્વરનો અનુભવ થાય ત્યારે સંસારનું બંધન તૂટે છે. ભગવાનને માથે રાખે તેના મોક્ષના દરવાજા ખૂલી જાય, તો આ કારાગૃહના દરવાજા ખૂલી જાય તેમાં આશ્ચર્ય નથી. જેને માથે ભગવાન હોય તેના માર્ગમાં વિઘ્ન આવે તો પણ નડે નહીં. વસુદેવ જેમ શ્રીકૃષ્ણને મસ્તક પર રાખે છે, તેમ જે શ્રીકૃષ્ણને બુદ્ધિમાં પધરાવે છે તેનાં સર્વ બંધન તૂટી જાય છે. તેના સંસાર-કારા ગૃહના દરવાજાનાં તાળાંની જેમ તૂટી જાય છે.વસુદેવજી કારાગૃહ માંથી બહાર આવ્યા કે, દાઉદજી દોડતા આવ્યા અને શેષનાગ રૂપે બાલ કૃષ્ણ ઉપર છત્ર કર્યું. યમુનાજીને અતિશય આનંદ થયો દર્શનથી તૃપ્તિ થઈ નહીં, પ્રાણ વલ્લભને મળવા અધીરાઈ થઈ. યમુનામાં જળ ઊંચે ચઢવા માંડ્યાં પ્રભુએ ટોપલામાંથી પગ બહાર કાઢ્યા. યમુનાજીએ ચરણ સ્પર્શ કરી કમળની ભેટ અર્પણ કરી આમ પ્રથમ દર્શન અને પ્રથમ મિલનનો આનંદ યમુનાજીને આપ્યો. ધીરેધીરે જળ ઊતરી ગયું વસુદેવ ગોકુળમાં આવ્યા. યોગ માયાના આવરણથી ગોકુળમાં સર્વસૂતા છે વસુદેવે શ્રીકૃષ્ણને યશોદા પાસે મૂકી દીધા અને યોગ માયાને લઈને પાછા ફર્યા. વસુદેવ વિચારે છે કે, હજુ મારું પ્રારબ્ધ બાકી છે,તેથી પરમાત્મા માટે હું માયાને લઈ જાઉં છું. વસુદેવજી યોગમાયાને ટોપલામાં લઈ કારાગૃહમાં આવ્યા. બ્રહ્મસંબંધ થયા પછી વસુદેવની બેડીઓ તૂટી ગયેલી.પણ માયાના સંબંધથી ફરી બંધન આવ્યું. વસુદેવ ગોકુળથી માયાને માથે લઇ ને આવ્યા એટલે બંધન આવ્યું અને કારાગૃહના દરવાજા ફરી બંધ થયા. ભગવાનની આજ્ઞાથી વસુદેવે બંધન સ્વીકાર્યું છે. યોગમાયા રડવા લાગી. કંસને ખબર આપવામાં આવી કંસ દોડતો આવ્યો, કહે ક્યાં છે મારો કાળ!લાવો અહીં કંસ યોગમાયાના બે પગને પકડીને પથ્થર ઉપર પછાડવા ગયો.માયા કોઈના હાથમાં આવી છે કે,એના હાથમાં આવે?આદિમાયાએ કંસના માથા ઉપર લાત મારી, અષ્ટભુજા જગદંબા ભદ્રકાળીઆકાશમાં પ્રગટ થયાં. યોગમાયાએ કહ્યું, હે દુષ્ટ જાણ કે,તને મારનાર કાળનો જન્મ થઈ ગયો છે. હવે કંસને પશ્ચાત્તાપ થયો કે, આઠ-આઠ બાળકોને મારીને મેં શું મેળવ્યું? તેણે વસુદેવ દેવકીને કહ્યું, મારા અપરાધની ક્ષમા કરો. આ બાજુ બાલકૃષ્ણ જ્યારે નંદજીના ઘરમાં આવ્યા છે તે વખતે નંદબાબા સૂતેલા છે. એવામાં નંદબાબાને સ્વપ્ન દેખાય છે. સ્વપ્નમાં જુએ છે તો મોટામોટા ઋષિઓ આંગણે આવ્યા છે. યશોદાજીએ શૃંગાર કર્યો છે અને યશોદાની ગોદમાં સુંદર બાળક છે. શિવજી પોતે બાળકનું દર્શન કરવા આવ્યા છે. નંદબાબા પ્રાતઃકાળે જાગે છે. મનમાં અનેક પ્રકારના વિચારો કરતાં ગૌશાળામાં જાય છે. નંદજી જાતે ગાયોની સેવા કરે છે. નંદબાબા પ્રાર્થના કરે છે કે,હે નારાયણ, મારા ઘરે ગાયોની સેવા કરનાર ગોપાળ શ્રીકૃષ્ણનો જન્મ થાઓ. તે વખતે બાલકૃષ્ણે લીલા કરી છે. પીળું ઝભલું પહેરી, કપાળમાં કસ્તૂરીનું તિલક કરી ઘૂંટણીએ ચાલતા ચાલતા બાલકૃષ્ણ ગૌશાળામાં આવે છે. નંદબાબાને બાળકની ઝાંખી ગૌશાળામાં થઈ, ત્યારે નંદજીને લાગ્યું કે, જે બાળક મેં સ્વપ્નમાં જોયેલો તે જ બાળક આ છે. બાલકૃષ્ણ નંદબાબાને કહે,બાબા,હું તમારી ગાયોને ચરાવીશ. ગૌશાળામાં આવેલા કનૈયાને નંદજી પ્રેમથી નિહાળે છે. તે જ સમયે તે જ ક્ષણે નંદબાબા દેહનું ભાન ભૂલી જાય છે. નંદજીને યાદ આવતું નથી કે, હું સૂતો છું કે જાગું છું. પેલી તરફ સુનંદાને યશોદાની ગોદમાં બાલકૃષ્ણની ઝાંખી થાય છે. બિચારી દોડતી ગૌશાળામાં ભાઈને ખબર આપવા જાય છે અને બૂમો પાડે છે, ભૈયા, ભૈયા, લાલો ભયો હૈ! લાલાનું નામ સાંભળતાં શ્રીકૃષ્ણે કાન વાટે હૃદયમાં પ્રવેશ કર્યો. જન્મોત્સવ નિમિત્તે નંદજીએ યમુનામાં સ્નાન કર્યું. શાંડલ્ય ઋષિદાન કરવાનું કહે છે. નંદબાબાએ બે લાખ ગાયોનું દાન કર્યું. અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કર્યા છતાં ઋષિમુનિઓને પ્રભુનાં દર્શન ન થાય ત્યારે તેઓ ગોકુળમાં ગાયો લઈને આવ્યા છે. અહીં પ્રભુનો બ્રહ્મસંબંધ થશે એ તેમની શ્રદ્ધા છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત બહુ ઈંતજાર કરાવ્યા પછી શિત લહેર ઠંડીનું આગમન થતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી ચહેરા પર કાળઝાળ મોંઘવારી વચ્ચે જોવા મળી..અસ્તુ.

# હનિસિંહના ફેને બાદશાહને આપ્યો જબરદસ્ત જવાબ

બાદશાહ અને હની સિંહ વચ્ચે ૧૫ વર્ષથી ઝઘડો ચાલે છે. રેપર હની સિંહ અને બાદશાહ વચ્ચેનો શીત યુદ્ધ નવુ નથી. ૨૦૦૯ની આસપાસથી બંને વચ્ચે અણબનાવના સમાચાર હેડલાઈન્સ બની રહ્યા છેરેપર બાદશાહ અને રેપર યો યો હની સિંહ વચ્ચેનું કોલ્ડ વોર સમાપ્ત થતુ જ નથી. બંને ઘણીવાર એકબીજા વિશે ટિપ્પણી કરતા જોવા મળે છે. તાજેતરમાં જ બાદશાહે હની સિંહના પુનરાગમન ન કરવા અંગે ટિપ્પણી કરી હતી. હવે આ બાબતને લઈને હની સિંહના એક ફૈને બાદશાહ પર રેપ સોન્ગ દ્વારા તિક્ષણ પ્રહાર કર્યા છે. બાદશાહ અને હની સિંહ વચ્ચે ૧૫ વર્ષથી શીત યુદ્ધ ચાલે છે. રેપર હની સિંહ અને બાદશાહ વચ્ચેનો ઝઘડો નવો નથી. ૨૦૦૯ની આસપાસથી બંને વચ્ચે અણબનાવના સમાચાર હજુ પણ હેડલાઈન્સ બની રહ્યા છે. જો કે, બાદશાહે પહેલેથી જ કહ્યું છે કે તે હની સિંહ સાથે કામ કરવા માગે છે, જોકે રેપરે તેની સાથે કામ કરવાનો ઈનકાર કરી દીધો છે. યુટ્યુબ પર હની સિંહના ફેને એક રેપ સોન્ગ બનાવીને બાદશાહને જવાબ આપ્યો છે.હની સિંહના ઈન્સ્ટાગ્રામ પર ૧૬ મિલિયનથી વધુ ચાહકો છે. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે ગાયકના ચાહકોની સંખ્યા કેટલી છે. હની સિંહના ગીતો જ નહીં પરંતુ તેની લાઈફ પણ ઘણી વિવાદાસ્પદ રહી છે. તેના ગીતોને લઈને વિવાદો છે, પરંતુ હની સિંહ ક્યારેક છૂટાછેડાને લઈને વિવાદોથી ઘેરાયેલો રહે છે તો ક્યારેક ડિપ્રેશનમાં પણ રહે છે. આ સિવાય તેની અને બાદશાહ વચ્ચે વર્ષોથી ચાલતો ઝઘડો પણ ફેન્સ તેને ભૂલવા દેતો નથી. બાદશાહ અને હની સિંહ વચ્ચે ૧૫ વર્ષથી શીત યુદ્ધ ચાલે છે. રેપર હની સિંહ અને બાદશાહ વચ્ચેનો ઝઘડો નવો નથી. હવે જ્યારે રેપરના જીવનમાં આટલો બધો મસાલો છે, તો તેને ચોક્કસપણે સ્ક્રીન પર લાવવામાં આવશે. આવી સ્થિતિમાં, ટૂંક સમયમાં તમે હની સિંહની ડોક્યુમેન્ટરી ફિલ્મ જોવા મળશે, જેનું નામ છે - 'યો યો હની સિંહ: ફેમસ'. આ ડોક્યુમેન્ટરી ફિલ્મની જાહેરાત થોડા સમય પહેલા નેટફ્લિક્સ પર કરવામાં આવી હતી.

# 'દરેક પ્રેમી વિલન છે', સામે આવ્યું 'બાઘી ૪'નું નવું પોસ્ટર

## એક્શન થ્રિલર 'બાઘી' ફિલ્મ ફ્રેન્ચાઈઝીની આગામી ફિલ્મ 'બાઘી ૪'ની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી

એક્શન થ્રિલર 'બાઘી' ફ્રેન્ચાઈઝીની આગામી ફિલ્મની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. હવે વિલનનો ચહેરો પણ સામે આવ્યો છે. સિનેમા જગતનો અસલી 'ખલનાયક' સંજય દત્ત સાજિદ નડિયાદવાલાની 'બાઘી ૪'માં વિલનની ભૂમિકા ભજવી રહ્યો છે. અભિનેતાનું પહેલું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે.આ પણ વાંચો: 'પુષ્પરાજ'નો છવાયો જાદુ, રવિવારે રૂપિયાનો થયો વરસાદ, જાણો ચોથા દિવસે ફિલ્મે કેટલી કરી કમાણીગયા મહિને, ટાઈગર શ્રોફની આગામી ફિલ્મ 'બાઘી ૪'ની જાહેરાત કરવામાં આવી હતી. એક્ટરના ખૂંખાર લુકની સાથે, આ ફિલ્મ થિયેટરમાં ક્યારે રિલીઝ થઈ રહી છે તે પણ જાહેર કરવામાં આવ્યું હતું. હવે મેકર્સે વધુ એક સરપ્રાઈઝ આપીને ફેન્સને ચોંકાવી દીધા છે. કારણ કે ફિલ્મમાં સંજય દત્તની એન્ટ્રી થઈ છે.ટાઈગર શ્રોફ અને સાજિદ નડિયાદવાલાએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 'બાઘી ૪'ના વિલનના નામ પરથી પડદો ઉઠાવ્યો છે. તેમણે સંજય દત્તનું એક અદ્ભુત પોસ્ટર શેર કર્યું છે, જેમાં એક્ટરનો લૂક જોઈને કોઈ પણ દંગ રહી જશે.




આ પોસ્ટરમાં એક્ટર વિકરાળ લુકમાં જોવા મળી રહ્યો છે. એક છોકરીની ડેડ બોડીને પકડીને ખુરશી પર બેઠેલો, લોહીથી લથપથ સંજય દત્ત ચીસ પાડી રહ્યો છે.આ પોસ્ટરની ઉપર લખવામાં આવ્યું છે કે, 'દરેક પ્રેમી વિલન છે'. આ પોસ્ટર અને કેપ્શન પરથી લાગે છે કે એક્ટર પોતાનો પ્રેમ ગુમાવીને વિલન બની જાય છે. આ ફિલ્મમાં સંજય દત્તની એન્ટ્રીએ દર્શકોને ઉત્સાહિત કર્યા છે.એક યુઝરે લખ્યું: ''વાહ, શક્તિશાળી.'' એક યુઝરે આ ફિલ્મને બ્લોકબસ્ટર જાહેર કરી દીધી છે. એક યુઝરે સંજય દત્તને ખલનાયકના રોલમાં નક્કર પાત્ર ગણાવ્યું છે. અન્ય યુઝર્સે પણ ફાયર અને હાર્ટ ઈમોજીસ સાથે 'બાઘી ૪'ના નવા વિલનને પસંદ કરી રહ્યા છે. સાજિદ નડિયાદવાલા દ્વારા નિર્મિત, 'બાઘી ૪'નું નિર્દેશન એ. હર્ષ કરી રહ્યો છે. 'બાઘી' ફ્રેન્ચાઈઝીની આ ચોથી ફિલ્મ છે. આ ફિલ્મ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં આવશે. અત્યાર સુધી માત્ર ટાઈગર અને સંજયના લુક જ સામે આવ્યા છે. ફિલ્મની હિરોઈનને લઈને હજુ પણ સસ્પેન્સ છે.

# KGF ફેમ યશ અને શાહરૂખ ખાન સાથે ફિલ્મ કરી રહ્યા છે?



'કેજીએફ ચેપ્ટર ૧' આવી અને સમગ્ર દેશમાં હિટ રહી ત્યારથી યશ પેન ઈન્ડિયા સુપર સ્ટાર બની ગયો છે. જ્યારે શાહરૂખ આજે પણ બોલિવૂડનો બાદશાહ ગણાય છે. આ બંનેએ અવારનવાર એકબીજા સાથે કારવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. પરંતુ હજુ સુધી કોઈ તરફથી તેઓ સાથે ફિલ્મ કરવાના હોવાની ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થઈ નથી. કેટલાંક એવા અહેવાલો છે કે તાજેતરમાં યશ મુંબઈમાં હતો, તેથી તેને ત્યાં જોનાર દરેકના મનમાં તેની હાજરી અંગે ઉત્સુકતા અને પ્રશ્નો હતા. ત્યારે કેટલાંક સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે યશ મુંબઈ પહોંચીને તરત શાહરૂખ ખાનને તેના ઘેર મન્નતમાં મળવા માટે ગયો હતો. તેથી ઘણા લોકો એવું માને છે કે યશ અને શાહરૂખ કોઈ ફિલ્મમાં સાથે કામ કરી રહ્યા હોઈ શકે. એવું પણ બની શકે કે યશની કોઈ ફિલ્મમાં આપણને શાહરૂખનો કેમિયો જોવા મળી શકે. આ પ્રકારની અટકળોથી શાહરૂખ અને યશના ફેન્સ ઘણા ઉત્સાહમાં છે, જો આ બંને કલાકારો એક ફિલ્મમાં જોવા મળે તો ભારતીય સિનેમાનો એક નવો યુગ શરૂ થઈ શકે એવું તેઓ માને છે. તેનાથી પ્રાદેશિક અને મુખ્ય પ્રવાહના સિનેમા વચ્ચેની ભેદરેખા પણ ભૂંસાઈ જશે. શાહરૂખે અગાઉ સાઉથના ડાયરેક્ટર એટલી સાથે હિટ ફિલ્મ આપેલી છે. સાઉથના રોકિંગ સ્ટાર યશ સાથેનું કનેક્શન પણ સફળતાનું પુનરાવર્તન કરાવી શકે છે.

# પોર્નોગ્રાફી કેસમાં એક્ટ્રેસ ગેહનાની વધી મુશ્કેલી

## ગયા અઠવાડિયે તેના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં ઘણી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી



ગયા અઠવાડિયે EDએ રાજ કુન્દ્રા અને અભિનેત્રી ગેહના વશિષ્ઠના ઘરે દરોડા પાડ્યા હતા. હવે ગેહનાની પૂછપરછ કરવામાં આવી છે. તે સોમવારે ED ઓફિસ પહોંચી, જ્યાં તેની લગભગ ૭ કલાક પૂછપરછ કરવામાં આવી. તેમને ફરી એકવાર પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. અભિનેત્રી ગેહના વશિષ્ઠ વિવાદમાં છે. ગયા અઠવાડિયે, EDએ પોર્નોગ્રાફી નેટવર્કથી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેના ઘર પર દરોડા પાડ્યા હતા. હવે EDએ તેની પૂછપરછ કરી છે. સોમવારે તે ED ઓફિસ પહોંચી, જ્યાં તેની ૭ કલાક પૂછપરછ કરવામાં આવી. વાસ્તવમાં ગેહના વશિષ્ઠનું નામ ઘણા સમયથી પોર્નોગ્રાફી કેસ સાથે જોડાયેલું છે. વર્ષ ૨૦૨૧માં પહેલીવાર તેનું નામ આ કેસમાં સામે આવ્યું હતું. ગયા અઠવાડિયે તેના ઘરે દરોડો પાડવામાં




આવ્યો હતો, જેમાં ઘણી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. હવે તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. મંગળવારે ૧૦મી ડિસેમ્બરે ફરીથી હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. તેની ફરી એકવાર પૂછપરછ કરવામાં આવશે.ગયા અઠવાડિયે દરોડા બાદ ગેહનાના ૭ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. તેમજ તેના બે મોબાઈલ ફોન અને ઘણા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. ગેહના પહેલા રાજ કુન્દ્રાને પણ સમન્સ જારી કરવામાં આવ્યા હતા અને તેમને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. જોકે તેણે થોડો સમય માંગ્યો હતો. વાસ્તવમાં, રાજ કુન્દ્રાની પોર્નોગ્રાફી કેસમાં ધરપકડ કરવામાં આવી ત્યારથી ગેહાના આ મામલે વિવાદોમાં ઘેરાયેલી છે. અને તેમની સમસ્યાઓમાં વધારો થતો જણાય છે.૨૯ નવેમ્બરના રોજ રાજ કુન્દ્રાના ઘર પર પણ ED દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, જે બાદ તેમણે આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે તેઓ છેલ્લા ચાર વર્ષથી તપાસમાં સહકાર આપી રહ્યા છે. પોર્નોગ્રાફી અને મની લોન્ડરિંગ મુદ્દે તેમણે કહ્યું હતું કે અંતે સત્યનો જ વિજય થશે.

# ફિલ્મ 'સ્ત્રી 3 માટે લાંબી દર્શકોએ રાહ જોવી પડશે

ફિલ્મ 'સ્ત્રી' દર્શકોના દિલને સ્પર્શી ગઈ છે. તેના બીજા ભાગે પણ ભારે ધૂમ મચાવી હતી. હવે ચાહકો તેના ત્રીજા ભાગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, પરંતુ રાજકુમાર રાવે તાજેતરમાં ખુલાસો કર્યો છે કે તેમાં સમય લાગશે. તે કહે છે કે ફિલ્મ નિર્માતાઓ ઉતાવળ કરવા માંગતા નથી.બોલિવૂડ એક્ટર રાજકુમાર રાવ માટે ૨૦૨૪ ખૂબ જ ખાસ વર્ષ સાબિત થયું. તેની ફિલ્મ 'સ્ત્રી ૨'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. આ ફિલ્મે ૮૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી અને તે વર્ષની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ બની હતી. કહેવાની જરૂર નથી, હવે ચાહકો 'સ્ત્રી' ફ્રેન્ચાઈઝીના ત્રીજા હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેના વિશે એક અપડેટ છે.રાજકુમાર રાવે ન્યૂઝ૧૮ શોષા સાથેની વાતચીતમાં સ્ત્રી ૩ વિશે વાત કરી, પરંતુ તેમના શબ્દો પરથી લાગે છે કે દર્શકોએ ત્રીજા ભાગ માટે થોડી વધુ રાહ જોવી પડશે.રાજકુમાર રાવે કહ્યું, 'સ્ત્રી ૩ ચોક્કસપણે બનશે , પરંતુ ટૂંક



સમયમાં નહીં. અમે ચોક્કસપણે તે આવતા વર્ષે બનાવીશું નહીં, કારણ કે અમે માત્ર એક પ્રોજેક્ટ બનાવવા માંગતા નથી. કેટલીકવાર કોઈ ફિલ્મ સારું પ્રદર્શન કરે છે અને તમે તેનો બીજો કે ત્રીજો ભાગ બનાવીને તેનો લાભ લેવા માગો છો અને તમે તેને ઉતાવળમાં બનાવી દો છો. આ જ કારણે પહેલી ફિલ્મ પછી 'સ્ત્રી ૨' બનાવવામાં અમને ૬ વર્ષ લાગ્યાં. અભિનેતાએ એમ પણ કહ્યું, 'સ્ત્રી ૩ માં થોડો સમય લાગશે, પરંતુ ચોક્કસપણે છ વર્ષ નહીં. જ્યાં સુધી અમર (અમર કૌશિક જ- દિગ્દર્શક), લેખક દિનુ (દિનેશ વિજન - નિર્માતા) અને આખી ટીમ એક મહાન વાર્તા સાથે ન આવે ત્યાં સુધી, અમે તેમાં ઉતાવળ કરવા માંગતા નથી. અમે એવી ફિલ્મ બનાવવા નથી માંગતા કે લોકો કહે કે ફ્રેન્ચાઈઝીની ગુણવત્તા ઘટી રહી છે.

### ૨૦૨૫માં તેની નવી ફિલ્મ 'આલ્ફા'માં જોવા મળશે

# લક્ઝુરિયસ કાર છોડી રિક્ષામાં બેસીને નીકળી આલિયા ભટ્ટ

## આલિયા શા માટે પોતાની મોંઘીદાટ કારમાં સવારી કરવાના બદલે રિક્ષામાં સવારી કરી તે અંગે કોઈ માહિતી આપી નથી

આલિયા ભટ્ટ અવારનવાર ચર્ચામાં રહે છે. ક્યારેક તેની ફિલ્મોના કારણે તો ક્યારેક તેના અંગત જીવનને કારણે. તેનો હાલ એક વીડિયો વાયરલ થયો છે અને ચાહકોએ પણ કમેન્ટ્સનો મારો ચલાવ્યો છે. વાયરલ વીડિયોમાં તે પોતાની લાખો રૂપિયાની લક્ઝુરિયસ કાર છોડીને ઓટો રિક્ષામાં સવારી કરતી જોવા મળી છે. ઘણા લોકોએ તેની આ સ્ટાઈલના વખાણ કર્યા છે તો કેટલાક લોકોએ પીઆર સ્ટંટ ગણાવ્યો છે. આલિયા ભટ્ટનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે તેની ટીમ સાથે જોવા મળી હતી. આલિયા શા માટે પોતાની મોંઘીદાટ કારમાં સવારી કરવાના બદલે રિક્ષામાં સવારી કરી તે અંગે કોઈ માહિતી આપી નથી.આલિયા ભટ્ટને સામાન્ય લોકોની જેમ ઓટો રિક્ષામાં મુસાફરી કરતો વીડિયો



જોઈ એક યુઝરે કમેન્ટ કરી હતી કે, 'આલિયાએ પબ્લિસિટી સ્ટંટ કર્યો.' જ્યારે અન્ય એકે ટીપ્પણી કરી કે, 'પબ્લિસિટી મેડ એક્ટ્રેસ, પીઆર સ્ટંટ.' બીજાએ લખ્યું, 'ખોટો દેખાડો' વધુ એક કમેન્ટ આવી કે, 'આ બધું માત્ર કેમેરા માટે છે.' આલિયા શા માટે પોતાની મોંઘીદાટ કારમાં સવારી કરવાના બદલે રિક્ષામાં સવારી કરી તે અંગે કોઈ માહિતી આપી નથી૨૦૧૨માં 'સ્ટુડન્ટ ઓફ ધ યર'થી એક્ટિંગ શરૂ કરનાર આલિયાએ ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. જેમાં 'રાઝી', 'ગલી બોય', 'ગંગુબાઈ કાઠિયાવાડી', 'બ્રહ્માસ્ત્ર' અને 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' સમાવિષ્ટ છે. તે છેલ્લે 'જીગરા'માં જોવા મળી હતી.આલિયા હવે ૨૦૨૫માં તેની નવી ફિલ્મ 'આલ્ફા'માં જોવા મળશે. આ સિવાય તે સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર' ફિલ્મમાં પણ કામ કરી રહી છે. જેમાં વિક્કી કૌશલ અને રણબીર કપૂર પણ છે.

### ઈન્દોરમાં પોતાના અદભૂત અભિનયથી હલચલ મચાવી દીધી હતી

# દિલજીત દોસાંઝે ઇન્દોરની કોન્સર્ટ કરી રાહત ઈન્દોરીના નામ




પ્રખ્યાત પંજાબી ગાયક દિલજીત દોસાંઝે મધ્યપ્રદેશના ઈન્દોરમાં પોતાના અદભૂત અભિનયથી હલચલ મચાવી દીધી હતી. તેણે ચાહકો સાથે 'જય શ્રી મહાકાલ'ના નારા લગાવ્યા. ઉપરાંત, તેના શોની ટિકિટો બ્લેક કરવામાં આવી હતી તેના પર તેણે કહ્યું કે તે તેની ભૂલ નથી. જ્યારથી સિનેમા ભારતમાં આવ્યું છે ત્યારથી ટિકિટો બ્લેક થઈ રહી છે.દિલજીતે સ્ટેજ પરથી પોતાના શોની ટિકિટના બ્લેક માર્કેટિંગ વિશે કહ્યું, 'લાંબા સમયથી આપણા દેશમાં મારા વિરુદ્ધ એવી ચર્ચા ચાલી રહી છે કે ટિકિટો બ્લેક કરવામાં આવી રહી છે. દિલજીતના શોની ટિકિટ બ્લેક થઈ રહી છે. તો ભાઈ, આમાં મારો શું વાંક? ૧૦ રૂપિયાની ટિકિટ ખરીદો અને તેમાં ૧૦૦ રૂપિયા નાખો તો કલાકારનો શું વાંક? મારા પર ગમે તેટલો આરોપ લગાવો, તેનાથી મને કોઈ ફરક નથી પડતો.'ન તો મને બદનામીનો ડર છે, ન તો મને કોઈ ટેન્શન છે. આ બધું જ્યારથી ભારતમાં સિનેમા આવ્યું ત્યારથી શરૂ થયું છે. પ્રખ્યાત પંજાબી ગાયક દિલજીત દોસાંઝે મધ્યપ્રદેશના ઈન્દોરમાં પોતાના અદભૂત અભિનયથી હલચલ મચાવી દીધી હતી. ૧૦નું ૨૦, ૨૦નું ૧૦ ચાલે છે, સમય બદલાયો છે. અગાઉ કલાકારોની ફિલ્મોમાં કલાકારો અને ગાયકો પાછલા દરવાજે હતા. ત્યારથી દેશમાં ટિકિટો બ્લેક થઈ રહી છે.આ પછી, તેમણે રાહત ઈન્દોરીના શહેર ઈન્દોરમાં આયોજિત આ કાર્યક્રમ તેમને સમર્પિત કર્યો. આ અવસરે તેમણે રાહત ઈન્દોરીનો એક શેર પણ સંભળાવ્યો હતો, જેને શ્રોતાઓએ ખૂબ પસંદ કર્યો હતો. દિલજીતે સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ શેર કર્યો છે. તેના કેપ્શનમાં તેણે લખ્યું- લવ યુ ઈન્દોર. ખૂબ પ્રેમ. ગઈકાલનો કોન્સર્ટ રાહત ઈન્દોરી સાહેબના નામ.

# સની દેઓલની એક્શન પેક્ડ ફિલ્મ જાટનું ટીઝર રીલીઝ થતા જ ફેન્સમાં ભારે ઉત્સાહ

## દોઢ મિનિટના ટીઝરમાં દેખાડવામાં આવેલા સની દેઓલના અવતારને જોઈને લાગે છે કે તે ફિલ્મમાં તેની જૂની સ્ટાઈલમાં દેખાશે




સની દેઓલની એક્શન પેક્ડ ફિલ્મ 'જાટ'નું ટીઝર બહાર આવ્યું છે. દોઢ મિનિટના ટીઝરમાં દેખાડવામાં આવેલા સની દેઓલના અવતારને જોઈને લાગે છે કે તે ફિલ્મમાં તેની જૂની સ્ટાઈલમાં જોવા મળશે.સની દેઓલની એક્શન પેક્ડ ફિલ્મ જાટનું ટીઝર આઉટ થઈ ગયું છે. લગભગ દોઢ મિનિટના ટીઝરમાં સની દેઓલની એ જ સ્ટાઈલ જોવા મળે છે જેના માટે તે જાણીતો છે.ફિલ્મનું ટીઝર તેના ઓફીશીયલ યુટ્યુબ હેન્ડલ પર પોસ્ટ કરવામાં આવ્યું છે. આ એ જ પ્રોડક્શન હાઉસ છે જેણે પુષ્પા ૨ જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે.સની દેઓલ આ પ્રસ્તાવના સાથે ટીઝરની શરૂઆત કરે છે કે...તે સાંજના પડછાયામાં આવે છે અને પ્રકાશ પહેલાં અદૃશ્ય થઈ જાય છે, પરંતુ એ જાણો કે તે ૧૨ કલાકમાં તેણે મિનિટો કરતાં વધુ હાડકાં તોડી નાખ્યા છે'તે પછી તે શાબ્દિક રીતે એક પછી એક તેના દુશ્મનોના હાડકાં તોડતો જોવા મળે છે. આખા ટીઝરમાં સની દેઓલની જે ઈમેજ માટે તે જાણીતો છે તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો છે.ટીઝરના અંતમાં, તે ગદરના તારા સિંહની જેમ હેન્ડપંપને બદલે હાથમાં મોટો પંખો લઈને ઉભો જોવા મળે છે, જેની મદદથી તે કદાચ તેના



દુશ્મનોના હાડકાં તોડતો જોવા મળશે. ટીઝરમાં સની પાજીના મોઢેથી માત્ર એક જ ડાયલોગ સંભળાય છે પરંતુ તે આખા ટીઝરનો સૌથી ખાસ મુદ્દો છે.ટીઝરમાં રણદીપ હુડ્ડા પણ થોડીક સેકન્ડ માટે જોવા મળે છે, જે ફિલ્મમાં વિલનની ભૂમિકામાં જોવા મળશે.ફિલ્મના ટીઝરના અંતે, નિર્માતાઓએ સંકેત આપ્યા છે કે ફિલ્મજાટ એપ્રિલ ૨૦૨૫ માં રિલીઝ થશે.'પુષ્પા' કરતાં 'જાટ' વધુ ખતરનાક દેખાય છેસની દેઓલ તેની ભારે દિલની શૈલીમાં બોલતા જોવા મળે છે, ''હું જાટ છું, માથું કાપી નાખ્યા પછી પણ, હું મારા હાથ અને હથિયારો છોડતો નથી.'' એકંદરે, આ ટીઝર જોયા પછી, તમને ખ્યાલ આવશે કે લાંબા સમય પછી, સની દેઓલ 'ઘાયલ' સિંહની જેમ 'ઘાતક' તરીકે સ્ક્રીન પર જોવા મળશે. તેણે માત્ર ટીઝરમાં પોતાની હાજરી દર્શાવી છે. અને તે એકલામાં, તે પુષ્પા ૨ ના પુષ્પ રાજ કરતાં વધુ ખતરનાક લાગે છે.

# મુંબઈમાં બસે ૬ને કચડ્યાં, ૩૦થી વધુ લોકો થયા ઈજાગ્રસ્ત

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

સોમવારે મુંબઈના કુર્લા (પશ્ચિમ)માં વ્યસ્ત રોડ પર સરકારી બસે કેટલાક વાહનોને ટક્કર મારતાં ૪ લોકોના મોત થયા હતા અને ૩૦ ઘાયલ થયા હતા. હાલ મૃત્યુઆંક વધીને ૬ થયો છે. ફ્રૂટેજમાં લાલ બસ ખૂબ જ ઝડપે રોડ પરથી નીચે ઉતરી રહી છે. તેણે જે પ્રથમ વાહનને ટક્કર મારી તે ઓટોરિક્ષા હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું કે, બેસ્ટ બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હશે. ઘાયલ લોકોને સાયન અને કુર્લા ભાભા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માત રાત્રે ૯.૫૦ કલાકે થયો હતો. બેસ્ટની બસ રૂટ નંબર ૩૩૨ કુર્લા સ્ટેશનથી અંધેરી જઈ રહી હતી. બૃહન્મુંબઈ ઈલેક્ટ્રીક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અન્ડરટેકીંગ અથવા બેસ્ટ, સમગ્ર શહેરને પરિવહન સેવા પૂરી પાડે છે અને તેની કામગીરી શહેરની મર્યાદાની બહાર પડોશી શહેરી વિસ્તારોમાં વિસ્તારે છે. અધિકારીએ જણાવ્યું હતું કે બસ ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને કેટલાક રાહદારીઓ અને વાહનોને ટક્કર મારી હતી. તે પછી એક રહેણાંક સંકુલના દરવાજા સાથે અથડાયું, અધિકારીએ જણાવ્યું. બેસ્ટ બસ અકસ્માતના એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે અકસ્માત પહેલા તે ૨૦૦ મીટરના પટ પર ફરી રહી હતી. આ વિસ્તારના રહેવાસી ૨૬ વર્ષીય ઝૈદ અહેમદે જણાવ્યું કે, તે રેલ્વે સ્ટેશન જવા માટે તેના ઘરની બહાર નીકળી રહ્યો હતો ત્યારે તેણે જોરદાર અવાજ સાંભળ્યો. વધુ એક અધિકારીએ જણાવ્યું કે, "હું ઘટનાસ્થળે દોડી ગયો અને જોયું કે બેસ્ટની બસે રાહદારીઓ, એક ઓટોરિક્ષા અને ત્રણ કાર સહિત અન્ય વાહનોને ટક્કર મારી હતી. મેં કેટલાક મૃતદેહો જોયા હતા. અમે ઓટોરિક્ષામાં સવાર મુસાફરોને બચાવ્યા અને અન્ય થ્રી-વ્હીલરમાં ભાભા હોસ્પિટલ લઈ ગયા. મિત્રોએ પણ ઘાયલોને રાહત આપવામાં મદદ કરી." અન્ય પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે બસે પોલીસના વાહનને પણ ટક્કર મારી હતી. આ વાહન ઓલેક્ટ્રા દ્વારા ઉત્પાદિત ૧૨-મીટર લાંબી ઈલેક્ટ્રિક બસ હતી અને તેને બેસ્ટ દ્વારા લીઝ પર લેવામાં આવી હતી, અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, આવી બસોના ડ્રાઈવરો ખાનગી ઓપરેટર દ્વારા સપ્લાય કરવામાં આવે છે. શિવસેનાના ધારાસભ્ય દિલીપ લાંડેએ જણાવ્યું કે, કુર્લા સ્ટેશનથી જતી બસની બ્રેક ફેલ થઈ ગઈ અને ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો. ડ્રાઈવર ગભરાઈ ગયો અને તેણે બ્રેક દબાવવાને બદલે એક્સીલેટર દબાવ્યું જેનાથી બસની સ્પીડ વધી ગઈ. તે બસ પર કાબુ ન રાખી શક્યો અને ૩૦-૩૫ લોકોને કચડી નાખ્યા. ૪ લોકોના મોત, ૪ લોકોની હાલત ગંભીર છે.

### બંટી-બબલીએ ૪૦ લોકોને ઠગ્યા હતા

# દુબઇમાં રોકાણનું કહી સાડા ત્રણ કરોડનું ફુલેકું ફેરવનારું દંપતી પંજાબથી ઝડપાયું

### ૧૦ ટકા વ્યાજ આપવાની લાલચ આપી લોકોના ક્રેડિટ કાર્ડ ઉપયોગમાં લઇને કૌભાંડ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

માત્ર ક્રેડિટ કાર્ડ વાપરવા લઈ તેના પર બેંક કરતાં વધુ વ્યાજની લાલચ આપી અમદાવાદના ઠગ દંપતીએ ૧૫ નાગરિકો સાથે સાડા ત્રણ કરોડની છેતરપિંડી કરી છે. પોલીસે ઠગ દંપતીને પંજાબથી ઝડપી લીધું છે. પોલીસે આ ઠગ દંપતીનો ભોગ બનેલા લોકો પોલીસનો સંપર્ક કરે તેવી તાકીદ કરી છે. લોકોને ચૂનો લગાવીને પંજાબ ભાગી ગયેલા સૌરીન કાર ચલાવતો હતો અને અક્ષિતા ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી. આ બંટી બબલીએ ૪૦ લોકોને ચૂનો લગાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં આમે આવી રહ્યું છે.જ્યાં લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે મરે નહિ... આ વાતને સાચી સાબિત કરતા કૌભાંડમાં પોલીસે કૌભાંડી સૌરીન પટેલ અને તેની પત્ની અક્ષિતા પટેલને ઝડપી લીધા છે. સામાન્ય ક્રેડિટ કાર્ડ વેચતા સૌરીન અને અક્ષિતાએ ૨૦૨૧થી ઠગાઈનું નેટવર્ક શરૂ કર્યું હતું. સૌરીને એન્જલ ફિનટેક નામની કંપની શરૂ કરી હતી. જેમાં સૌરીન અને તેની પત્ની અક્ષિતા ડાયરેક્ટર હતા. ચાલાક સૌરીન



લોકોને ફોન કરીને કહેતો કે ૧૦ ટકા ઊંચું વ્યાજ અને એક રૂપિયાનું પણ રોકાણ નહીં. જેની વાતમાં આવીને લોકો પોતાનું પાન કાર્ડ અને આધાર કાર્ડ સૌરીનને આપતા હતા. જેના દ્વારા તેઓ ક્રેડિટ કાર્ડ મેળવતા હતા. શરૂઆતના સમયમાં ક્રેડિટ કાર્ડમાં યોગ્ય રીતે પેમેન્ટ કરતા અને ક્રેડિટ કાર્ડની લિમિટમાં વધારો કરાવતા હતા.ક્રેડિટ કાર્ડની લિમિટ વધતા આખરે મોટી રકમ ક્રેડિટ કાર્ડમાંથી ઉપાડી તેઓ ભરપાઈ કરતા નહીં, તો અમુક લોકોના બેંક એકાઉન્ટ્સ અને ક્રેડિટમાંથી તેઓ દ્વારા પર્સનલ લોન પણ મેળવી હતી. આ તમામ રૂપિયા પોતે દુબઈના ધંધામાં રોકતા હોવાનું રોકાણકારોને જણાવતો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં સૌરીન અને અક્ષિતા દ્વારા આચરેલા કૌભાંડમાં અંદાજિત ૪૦ જેટલા લોકો ભોગ બન્યા હોવાની માહિતી સામે આવી છે. બંને પતિ પત્નીએ ત્રણ વર્ષ સુધી લોકોના ક્રેડિટ કાર્ડમાંથી પૈસા મેળવતા રહ્યા અને આખરે જાન્યુઆરી ૨૦૨૪માં તેઓ અમદાવાદ છોડી ભાગી ગયા હતા. બંટી બબલી અમદાવાદથી પંજાબ ખાતે રહેવા લાગ્યા હતા અને ત્યાં સૌરીન કાર ડ્રાઈવિંગ કરતો હતો તેમજ પત્ની અક્ષિતા ખાનગી કંપનીમાં નોકરી કરતી હોવાનું ખુલ્યું છે.ક્રાઈમ બ્રાંચે ભોગ બનેલા ૧૫ લોકોની ફરિયાદ નોંધી છે, જેમાં સાડા ત્રણ કરોડથી વધુની રકમની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. જ્યારે પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે સૌરીન અને અક્ષિતા દ્વારા અન્ય કોઈ લોકો પાસેથી છેતરપિંડી કરવામાં આવી હોય તો તેઓ પોલીસનો સંપર્ક કરે. તેમજ પોલીસે સૌરીન અને અક્ષિતાની ધરપકડ કરી લોકોના રૂપિયા ક્યાં વાપરવામાં આવ્યા છે તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહિ તેને લઈને પૂછપરછ શરૂ કરી છે.

### ઈન્દિરા ગાંધીથી લઈને મનમોહન સિંહ સરકારમાં રહ્યા મંત્રી

# કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એસ.એમ. કૃષ્ણાનું નિધન

### પદ્મ વિભૂષણથી સન્માનિત એસ.એમ. કૃષ્ણા ૧૯૯૯થી ૨૦૦૪ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી અને ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી મહારાષ્ટ્રના રાજ્યપાલ રહી ચૂક્યા હતા

। (એજન્સી) કર્ણાટક, તા.૧૦ ।

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી, વિદેશ મંત્રી અને મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ એસ.એમ. કૃષ્ણાનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેમણે આજે (૧૦મી ડિસેમ્બર) સવારે બેંગલુરુ સ્થિત તેમના ઘરે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને આજે મદુર લઈ જવામાં આવશે. એસ. એમ. કૃષ્ણાનો જન્મ ૧૯૩૨માં થયો હતો. તેમનું પૂરું નામ સોમનાહલ્લી મલ્લૈયા કૃષ્ણા છે. પદ્મ વિભૂષણથી સન્માનિતએસ. એમ. કૃષ્ણા ૧૯૯૯થી ૨૦૦૪ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી અને ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી મહારાષ્ટ્રના રાજ્યપાલ રહી ચૂક્યા હતા. ૨૨મી મે ૨૦૦૯ના રોજ વડાપ્રધાન મનમોહન સિંહે કૃષ્ણાને કેન્દ્રીય કેબિનેટમાં સામેલ કર્યા અને ૨૩મી મે ૨૦૦૯ના રોજ વિદેશ મંત્રાલયની જવાબદારી સોંપી. માર્ચ ૨૦૧૭માં એસએમ કૃષ્ણા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા.

૨૦૨૩માં સરકારે એસ. એમ. કૃષ્ણાને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા.એસ.એમ. કૃષ્ણાના પિતાનું નામ એસ.સી. મલ્લૈયા હતું. તેમણે મહારાજા કોલેજ, મૈસુરમાંથી સ્નાતકનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી સરકારી કોલેજ, બેંગ્લોરમાંથી કાયદાની ડિગ્રી લીધી મેળવી હતી. ઉચ્ચ શિક્ષણ માટે તેઓ અમેરિકા ગયા હતા. ત્યાંથી સ્નાતક થયા પછી તેમણે આંતરરાષ્ટ્રીય કાયદાનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું. અમેરિકામાં સક્રિય રાજકારણમાં તેમનો રસ જાગ્યો. ત્યાં તેમણે જ્હોન એફ. કેનેડીની રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રચાર કર્યો હતો. કર્ણાટકથી પરત ફર્યા બાદ તરત જ તેઓ ૧૯૬૨માં કર્ણાટક વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ૨૯મી એપ્રિલ ૧૯૬૪ના રોજ પ્રેમા સાથે લગ્ન કર્યા.વર્ષ ૧૯૬૦ની આસપાસ એસ.એમ. કૃષ્ણાએ રાજકીય ઈનિંગ્સ શરૂ કરી હતી. ૧૯૬૨માં તેમણે મદુર વિધાનસભા બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને કોંગ્રેસના ઉમેદવારને હરાવીને ચૂંટણી જીતી હતી. આ પછી તેઓ પ્રજા સમાજવાદી પાર્ટીમાં જોડાયા અને ૧૯૬૮માં માંડ્યા લોકસભા બેઠકની પેટાચૂંટણી જીતી. ત્યારબાદ એસ.એમ. કૃષ્ણા કોંગ્રેસમાં જોડાયા અને ૧૯૭૧માં માંડ્યા લોકસભા બેઠક પરથી ફરીથી ચૂંટણી જીત્યા. ૧૯૮૫માં એસ.એમ. કૃષ્ણા ફરીથી રાજ્યના રાજકારણમાં પાછા ફર્યા અને વિધાનસભાની ચૂંટણી લડ્યા. તેઓ ૧૯૯૯થી ૨૦૦૪ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તેઓ ડિસેમ્બર ૨૦૦૪થી માર્ચ ૨૦૦૮ સુધી મહારાષ્ટ્રના રાજ્યપાલ હતા. એસએમ કૃષ્ણાએ પીએમ મનમોહન સિંહની સરકારમાં વિદેશ મંત્રીનું પદ પણ સંભાળ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૩માં એસ. એમ. કૃષ્ણાએ જાહેરાત કરી કે તેઓ હવે સક્રિય રાજકારણમાં રહેશે નહીં.કર્ણાટકના માંડ્યાથી ઘણી વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમણે ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના શાસનમાં મંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ ૧૯૮૩-૮૪ની વચ્ચે ઈન્દિરા ગાંધી અને ૧૯૮૪-૮૫ની વચ્ચે રાજીવ ગાંધીના કાર્યકાળ દરમિયાન ઉદ્યોગ અને નાણા રાજ્યમંત્રી બન્યા હતા.

### પત્ની સહિત ચાર વ્યક્તિની ધરપકડ

# ધર્મ પરિવર્તન માટે પત્નીએ દબાણ કરતાં છત્તીસગઢના પુરુષની આત્મહત્યા

### ૩૦ વર્ષના પુરુષે સોશિયલ મીડિયા પોસ્ટમાં પરિવારના સભ્યો પર ત્રાસ આપવાનો આરોપ મૂક્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

છત્તીસગઢના રહેવાસીએ પત્ની અને સાસુની ધર્મ બદલવાની બળજબરીથી કંટાળી આત્મહત્યા કરી છે. ૩૦ વર્ષના પુરુષે સોશિયલ મીડિયા પોસ્ટમાં પરિવારના સભ્યો પર ત્રાસ આપવાનો આરોપ મૂક્યો હતો. પોલીસે આત્મહત્યાના કેસમાં તેની પત્ની સહિત ચાર વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે, ૭ ડિસેમ્બરે લિનેશ સાહુ નામની વ્યક્તિનો મૃતદેહ અર્જુની પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પોટિયાદિહ ગામના એક ઘરમાં લટકતો મળ્યો હતો.

તપાસમાં સાહુએ આત્મહત્યા પહેલાં વોટ્સએપ પર અપડેટ કરેલા સ્ટેટસમાં તેણે લખ્યું હતું કે, પત્ની અને સાસુ દ્વારા ધર્મ પરિવર્તન માટે બળજબરીને કારણે તે પરેશાન હતો. સાહુએ વોટ્સએપ સ્ટેટસનો મેસેજ ૭ ડિસેમ્બરે સવારે ૩.૪૩ કલાકે પરિવારની અન્ય વ્યક્તિ સાથે શેર કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, "હું મારી પત્નીથી કંટાળી ગયો છે. તે મને ધર્મ બદલવા માટે ત્રાસ આપી રહી છે. હું સાસરે ગયો ત્યારે મારા સાસુ અને પત્નીની બે બહેનોએ પણ ધર્મ બદલવા માટે હેરાન કર્યો હતો." પોલીસના જણાવ્યા અનુસાર સાહુ રાયપુરની રહેવાસી કરુણાને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પરણ્યો હતો. કેસમાં કરુણા (૨૭ વર્ષ), તેના માતાપિતા રાજકુમાર અને ગૌરી સાહુ તેમજ બહેન કિરણ સાહુની ધરપકડ કરી છે. કરુણાની નાની બહેન કનિષ્કાને પકડવાના પ્રયાસ ચાલુ છે.

### પરિણીતાનું મોત, ભાગેલા પ્રેમીને ઝડપી લેવાયો

# જૂનાગઢની હોટેલમાં પરિણીત પ્રેમિકાનું વિષપાન, પ્રેમી રૂમ બંધ કરીને ફરાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

જૂનાગઢની એક હોટેલના એક રૂમમાં પ્રેમી પંખીડા રોકાયા હતા. જેમાં લગ્ન કરવા બાબતે ડખો થતાં પરિણીત પ્રેમિકાએ ઝેર પીતાં, પ્રેમી રૂમને તાળુ મારી ફરાર થઈ ગયો હતો. જો કે પ્રેમિકાનું મોત થતાં મામલો ગરમાયો હતો. પોલીસે આખરે ભાગેલા પ્રેમીને ઝડપી લીધો હતો. આ ઘટનાની વિગત એવી છે કે, ગત છ ડિસેમ્બરે સાંજે જૂનાગઢ બસ સ્ટેશન નજીક સત્યમ હોટલમાંથી ઝેરી દવા પીધેલી હાલતમાં મહિલાનો મૃતદેહ મળ્યો હતો. બી ડિવિઝન પોલીસે મૃત્યુનો ગુનો નોંધી આ કેસની તપાસ હાથ ધરી હતી. દરમિયાન બી ડિવિઝન પોલીસે મહિલા સાથે રૂમમાં ગયેલા રમેશ ચૌહાણ નામના ઈસમની ધરપકડ કરી બીએનએસ ૧૦૫ ગુનો નોંધ્યો છે.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતક મહિલા દિશાના લગ્ન દસ વર્ષ પહેલાં થયા હતા અને તેને સંતાનમાં એક દીકરો છે. મૃતક મહિલા નિશા અને રમેશ વચ્ચે પ્રેમ સંબંધ હતો અને બંને જૂનાગઢની સત્યમ હોટેલમાં ગયા હતા. જ્યાં બંને વચ્ચે લગ્ન માટેની વાતચીત થઈ હતી અને ત્યારબાદ નિશા પંચોલી નામની મહિલાએ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. બાથરૂમમાંથી ઝેરી દવા પીધા પછી, બપોરના બે વાગ્યાના સમયે મૃતક મહિલાના પતિને રમેશ ચૌહાણે ફોન કરીને કહ્યું હતું કે, તારી પત્નીએ ઝેરી દવા પીધી છે, તું હોટલે આવી જા. ત્યારબાદ મૃતક મહિલાના પતિને ફોન કરનાર પુરુષ હોટલ પરથી નાસી ગયો હતો. મહિલાએ ઝેરી દવા પી લીધી હોવાની વાત જાણવા છતાં પણ રમેશ ચૌહાણ નામના તેમની સાથે ગયેલા વ્યક્તિએ નિશાબેનને સારવાર માટે લઈ ગયેલા ન હતા અને ત્યાંથી નાસી ગયા હતા. તે હોટલમાંથી મહિલાનો ફોન સાથે લઈ નીકળી ગયો હતો. રૂમનો દરવાજો લોક કર્યો હતો અને હોટલના કોઈ સ્ટાફને પણ આ મામલે જાણ કરી ન હતી. આથી રમેશ ચૌહાણ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની અટકાયત કરવામાં આવી છે.

# બિલમાં ચિકન ઓર્ડર કર્યું છે તેવું ન લખશો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

આજકાલ લોકો ઘરે બેઠા ઓનલાઈન સામાન ઓર્ડર કરે છે. ખાવાનું પણ હવે ઓનલાઈન ઓર્ડર કરવામાં આવી રહ્યું છે. દિવસ હોય કે રાત, જ્યારે પણ ભૂખ લાગે ત્યારે ઝોમેટો અને સ્વિગી જેવી ફૂડ ડિલિવરી એપ પરથી ફૂડ ઓર્ડર કરી શકો છો. ગરમ ખોરાક થોડીવારમાં જ તમારા સુધી પહોંચી જશે. હાલમાં ફૂડ ડિલિવરી એપ્લિકેશન સાથે સંબંધિત ગ્રાહકનો એક ખૂબ જ રમુજી કિસ્સો આ દિવસોમાં સમાચારમાં છે.એક વ્યક્તિના ઘરમાં નોન-વેજની મંજૂરી ન હતી. જ્યારે તેને નોન-વેજ ખાવાની ઈચ્છા થઈ, ત્યારે તેણે ઝોમેટો પરથી પોતાના માટે ચિકનનો ઓર્ડર આપ્યો. જો કે, આ સાથે તેણે ઝોમેટોને એક ખૂબ જ વિચિત્ર વિનંતી કરી હતી. વ્યક્તિએ ઝોમેટોને વિનંતી કરી કે તેને ફૂડનું બિલ ન મોકલો. આ સિવાય પેકેટ પર ક્યાંય ન લખો કે તેણે ભોજન માટે ચિકનનો ઓર્ડર આપ્યો છે. એટલું જ નહીં, તેણે કંપનીને બીજી એક ખૂબ જ રમુજી વિનંતી કરી.

### યુનિ. ચેરમેન જગદીશ કુમારે મહત્વપૂર્ણ સંકેત આપ્યા

# સ્નાતક-અનુસ્નાતક માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ફેરફાર કરાશે

### યુજીસીએ વધુમાં કહ્યું કે તાજેતરમાં યોજાયેલી બેઠકોમાં સમિતિની ભલામણો પર વિચારણા કરાશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન(યુજીસી) દ્વારા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ(સીયુઈટી)માં ૨૦૨૫થી નિષ્ણાતોની પેનલની સમીક્ષા પછી કેટલાક ફેરફાર થશે તેમ યુજીસીના ચેરમેન જગદીશ કુમારે જણાવ્યું છે. યુજીસીએ સીયુઈટી-યુજી અને પીજીના સંચાલનની સમીક્ષા માટે નિષ્ણાતોની સમિતિની રચના કરી છે. યુજીસીના ચેરમેને કહ્યું કે ગત વર્ષોના અભિપ્રાયોના આધાર પર, સીયુઈટી આપનાર વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ, વધુ કુશળ અને અનુકૂળ વાતાવરણ પ્રદાન કરવા માટે પરીક્ષા પ્રક્રિયામાં નિરંતર સુધારા કરવા પણ જરૂરી છે. આ ઉમદા હેતુથી, યુજીસીએ ૨૦૨૫ માટે સીયુઈટી-યુજી અને સીયુઈટી-પીજીના સંચાલનની સમીક્ષા માટે એક નિષ્ણાતોની સમિતિની રચના કરી છે. આ સમિતિએ પરીક્ષા સંબંધિત વિવિધ બાબતો, તેનું માળખું અને પેપરોની સંખ્યા, ટેસ્ટ પેપરોનો સમયગાળો, અભ્યાસક્રમના મુદ્દાઓ અને સંચાલન સહિતની બાબતોની તપાસ કરી છે. યુજીસીએ વધુમાં કહ્યું કે તાજેતરમાં યોજાયેલી બેઠકોમાં સમિતિની ભલામણો પર વિચારણા કરાશે. યુજીસીના ચેરમેને એમ પણ કહ્યું કે, યુજીસી ટૂંક સમયમાં જ આ માટે એક ડ્રાફ્ટ જાહેર કરશે.

## વિશેષ

### 'સેવા સંકલ્પના બે વર્ષ' પુસ્તકનું વિમોચન । રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડ ધારક પરિવારોના ૩.૬૯ કરોડ લોકોને અનાજ વિતરણ થયું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શનમાં બે વર્ષમાં રૂ. ૧૦૯૦ કરોડની વિવિધ યોજનાઓના લોકાર્પણ અને રૂ. ૨૦૪૫ કરોડના ખાતમુહૂર્ત કામોથી છેવાડાના અંતરિયાળ ગામો સુધી પાણી પહોંચ્યું

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકાર આગામી ૧૨મી ડિસેમ્બરે સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ કરી રહી છે. તેમની વિઝનરી લિડરશીપમાં આ બે વર્ષ દરમિયાન પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગો સહિતના વિભાગોએ જનસેવાને સમર્પિત અનેકવિધ કલ્યાણ યોજનાઓનો સફળ અમલ કર્યો છે. વર્તમાન સરકારે પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શનમાં બે વર્ષમાં કરેલી વિવિધ જનહિતલક્ષી યોજનાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની વિવિધ જનહિતકારી યોજના તથા સિદ્ધિઓના 'સેવા સંકલ્પના બે વર્ષ' પુસ્તકોના વિમોચન સંપન્ન કર્યા હતા. આ ત્રણેય પુસ્તકોના વિમોચન રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક પહેલાં મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં થયા હતા. પાણી પુરવઠા વિભાગે આ બે વર્ષમાં રાજ્યભરમાં રૂ. ૧૦૯૦.૩૯ કરોડની યોજનાઓના લોકાર્પણ અને ૨૦૪૫.૬૩



કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓના ખાતમૂહુર્ત કરવામાં આવ્યા છે. પાણી પુરવઠા વિભાગે રાજ્યના ગામોની ગ્રામીણ જનસંખ્યાને પીવાનું પૂરતું પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ છે તેની સંપૂર્ણ વિગતો અને ભવિષ્યના આયોજનની વિસ્તૃત છણાવટ આ માહિતીસભર પુસ્તકોમાં કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે પુસ્તિકાનું વિમોચન થયું છે તેમાં 'સૌને અન્ન-સૌને પોષણ' અન્વયે રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડ ધારક પરિવારોના ૩.૬૯ કરોડ લોકોને અનાજ વિતરણ કરવામાં આવે છે તેની વિગતો આપી છે. સાથે વિવિધ યોજનાઓ તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, ઉજ્જવલા યોજના સહિતની યોજનાકીય સિદ્ધિઓ પ્રસ્તુત થયેલી છે. જળ સંપત્તિ વિભાગે રાજ્યના દૂર દરાજના તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં સૌની, સુજલામ સુફલામ યોજના તેમજ ભૂગર્ભજળ સંગ્રહ વૃદ્ધિ માટેના અભિયાનોની સફળતા 'સેવા સંકલ્પના બે વર્ષ' પુસ્તકમાં વર્ણવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પુસ્તકોના વિમોચન કર્યા તે અવસરે સંબંધિત વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર તથા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.





# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ટુરિઝમ લિમિટેડ અને થાઈલેન્ડની બોધગયા વિજાલય-૯૮૦ સંસ્થા વચ્ચે એમ.ઓ.યુ. થયા

| ગાંધીનગર, તા.૧૦ |

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત ભારત આવેલી ચોથી ધમ્મયાત્રાના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં લીધી હતી. આ મેકોંગ-ગંગા ધમ્મયાત્રા થાઈલેન્ડના બેંગકોંકથી શરૂ થઈ છે અને ૨થી ૧૦ ડિસેમ્બર દરમિયાન ભારતની મુલાકાતે છે. થાઈલેન્ડના લોકો બૌદ્ધ ધર્મની ભેટ આપવા બદલ ભારત પ્રત્યે આભાર વ્યક્ત કરી શકે તે માટે, તેમ જ ભગવાન બુદ્ધ અને તેમના બે પ્રમુખ શિષ્યો અરહંત સરીપુટ્ટ અને મોગ્ગલાનાના પવિત્ર અવશેષોને થાઈલેન્ડ મોકલવા બદલ ભારત સરકાર અને ખાસ કરીને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરી શકે તે માટે ચોથી ધમ્મયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યાત્રા અંતર્ગત પ્રતિનિધિ મંડળે ગુજરાતમાં બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે વડનગર, દેવની મોરી



અને વડોદરાની મુલાકાત લીધી હતી. યાત્રાના પ્રતિનિધિઓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વતન ભૂમિ વડનગરની મોનેસ્ટ્રી અને પ્રેરણા સ્કૂલની મુલાકાત લઈને ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા હતા. આ પ્રતિનિધિમંડળના અગ્રણી શ્રી ડો. સુપચાઈ વીરપુચોંગે મુખ્યમંત્રીશ્રી સાથેની વાતચીતમાં કહ્યું કે, આ ઐતિહાસિક યાત્રાનો ઉદ્દેશ્ય મેકોંગ અને ગંગા સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક, આધ્યાત્મિક જોડાણોને વધુ સંગીન બનાવવાનો છે. એટલું જ નહીં, બૌદ્ધ ધર્મના ઉપદેશોને વિશ્વભરમાં ફેલાવવા અને પર્યાવરણ પ્રત્યે જનચેતના વધારવા તેમજ શાંતિને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે યાત્રા યોજાઈ રહી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર વિશ્વમાં શાંતિ, સૌહાર્દ અને સદભાવ આજે અને આવનારા સમયમાં પણ રહે તેવી બૌદ્ધ ધર્મની લાગણીને વાચા આપતાં પ્રતિનિધિ મંડળને સમૂહ શાંતિ પ્રાર્થનાની પ્રેરણા આપી હતી. તેને પગલે, પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીશ્રી સાથેની બેઠકમાં સમુહ શાંતિ પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૦૯માં ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું અને દલાઈ લામા આ કોન્ફરન્સમાં સહભાગી થયા હતા, તેની યાદ તાજી કરી હતી. તેમણે ભારત અને ગુજરાતમાં રહેલી ઐતિહાસિક અને દર્શનીય બૌદ્ધ વિરાસતથી થાઈલેન્ડના અને વિશ્વના લોકો સુપેરે પરિચિત થાય તે હેતુથી ત્યાંના ઈન્ફલ્યુએન્સર્સ-યુ-ટ્યુબર્સ મોટાપાયે ગુજરાત આવીને 'પીપલ ટુ પીપલ કનેક્ટ' થવામાં પ્રેરણારૂપ બને તેવો અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રવાસ નિગમ અને બોધગયા વિજાલય-૯૮૦ સંસ્થા વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં બૌદ્ધ મૂર્ત અને અમૂર્ત વારસાના સંરક્ષણ-સંવર્ધન અને વિકાસ તેમજ ગુજરાતના બુદ્ધિસ્ટ સર્કિટના સ્થાનોના વૈશ્વિક પ્રચાર-પ્રસાર માટે પરસ્પર સહયોગ માટે આ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, પ્રવાસન સચિવશ્રી ડો. રાજેન્દ્ર કુમાર અને પ્રવાસન વિકાસ નિગમના એમ.ડી. શ્રીમતી છાક છુઆક વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

## અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશન રોડને છ લેનનો કરવાની દરખાસ્ત

| અમદાવાદ, તા.૧૦ |

અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશનનો રોડ હાલમાં ફોર લેન છે તેને સિક્સ લેન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ રોડને ફોર લેનમાંથી છ લેનનો કરવા સામે નડતા અવરોધો અંગે પણ ચર્ચા કરવામાં આવશે અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશનનો રોડ હાલમાં ફોર લેન છે તેને સિક્સ લેન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ રોડને ફોર લેનમાંથી છ લેનનો કરવા સામે નડતા અવરોધો અંગે પણ ચર્ચા કરવામાં આવશે અને તેની રજૂઆત કેન્દ્રીય રેલ્વે પ્રધાન અશ્વિની કુમાર સમક્ષ કરવામાં આવશે. આમ કાલુપુરના રેલ્વે સ્ટેશનની જ નહીં સમગ્ર કાલુપુર વિસ્તારની કાયાપલટ પણ આના કારણે થશે તેમ માનવામાં આવે છે. હવે જો આ પ્રસ્તાવિત રોડ પ્રોજેક્ટ આકાર લે તો કેટલાય બિલ્ડિંગો દૂર કરવા પડે તેમ છે. તેમા તો કેટલાક બિલ્ડિંગો પાછા સરકારી બિલ્ડિંગો પણ છે. તેમા અમુક રાજ્ય સરકાર તો અમુક કેન્દ્ર સરકારના છે. પણ જો આ છ લેનનો રોડ થયો તો કાલુપુર વિસ્તારને રોજિંદા ટ્રાફિકમાં નોંધપાત્ર રાહત મળે તેમ મનાય છે. તેની સાથે કાલુપુર વિસ્તારમાંથી નીકળવું સજાનો મહીં પણ મજાનો અનુભવ બનશે તેમ નિષ્ણાતોનું કહેવું છે. ધારાસભ્ય દિનેશ કુશવાહા દ્વારા સૂચન કરવામાં આવ્યું છે કે શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન વકરી રહી છે ત્યારે કાલુપુર રેલ્વે સ્ટેશન પર ટ્રાફિકની ભાવિ સંભાવનાને ધ્યાનમાં રાખીને હાલમાં ફોર લેનના રોડને છ લેનનો કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. લોકોને વધુ સુવિધાઓ મળી રહે અને કોઈપણ પ્રકારની અગવડતાનો સામનો ન કરવો પડે તે માટે રેલ્વે સ્ટેશનનું આધુનિક રીતે નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. સાંસદ, ધારાસભ્ય અને સ્થાનિક કોપ ોરેટરો રેલવે સ્ટેશનની કામગીરી કયા સ્ટેજ પર પહોંચી છે તેનું નિરીક્ષણ કરી રહ્યા છે. આ સંદર્ભે યોજાયેલી મહત્વની બેઠકમાં કોંગ્રેસના કોર્પોરેટરો અને આગેવાનો પણ હાજર રહ્યા હતા. જેમાં કંપનીના અધિકારીઓ અને રેલવે અધિકારીઓએ કેવા પ્રકારનું રેલવે સ્ટેશન બનાવવું જોઈએ તેની સમીક્ષા કરી હતી.

# હવે બર્થ ડે, એનિવર્સરી અને લગ્ન પ્રસંગને યાદગાર બનાવવા માટે વ્યક્તિગત માય સ્ટેમ્પ બનાવો : સૌજન્ય ભારતીય ટપાલ વિભાગ

### માત્ર ૩૦૦માં મળશે ૧૨ ટપાલ ટિકિટ, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના તમામ હેડ પોસ્ટ ઓફિસમાં સુવિધા ઉપલબ્ધ













| અમદાવાદ, તા.૧૦ |

આજકાલ દરેક વ્યક્તિ પોતાના જન્મદિન, લગ્ન, એનિવર્સરી અથવા નિવૃત્તિની ખાસ પળોને યાદગાર બનાવવાના માટે કંઈક અનોખું કરવું ઈચ્છે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારા જીવનના આ મહત્વપૂર્ણ ક્ષણો પર ટપાલ ટિકિટ પણ બહાર પાડી શકાય છે? હા, હવે આ સંભવ છે. આ સંદર્ભમાં માહિતી આપતાઉત્તરગુજરાતપરિક્ષેત્ર,અમદાવાદનાપોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ભારતીય ટપાલ વિભાગની 'માય સ્ટેમ્પ' સેવા અંતર્ગત લોકોના જીવનના સુંદર પળોને સુંદર રીતે ટપાલ ટિકિટ પર સ્થાન આપવું શક્ય છે અને આ પળોને ટપાલ ટિકિટો દ્વારા હંમેશાં માટે યાદગાર બનાવવું પણ શક્ય છે. અમદાવાદ જી.પી.ઓ સહિત ની તમામ હેડ પોસ્ટ ઓફિસમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ૫ રૂપિયાની ટપાલ ટિકિટ પર નવજાત શિશુ, બર્થડે બોય અથવા બર્થડે ગર્લ, નવવિવાહિત યુગલની સુંદર તસ્વીરો, એનિવર્સરીના ઉજવણીઓથી લઈને નિવૃત્તિ સુધીના પળોને માય સ્ટેમ્પ દ્વારા સજાવી શકાય છે. આ ટપાલ ટિકિટને દેશભરમાં કોઈપણ પત્રના આદાનપ્રદાન માટે ઉપયોગમાં લઈ શકાય છે. માત્ર ૩૦૦ના ખર્ચમાં ૧૨ ટપાલ ટિકિટોની એક શીટ બનાવી શકાય છે. હેપ્પી બર્થડે, હેપ્પી મેરેજ, હેપ્પી એનિવર્સરી અને હેપ્પી રિટાયરમેન્ટ ની થીમ પર માય સ્ટેમ્પની સીટ ઉપલબ્ધ છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે, આજની યુવા પેઢી સેલ્ફીની દીવાની છે. આ સેલ્ફી પર પણ 'માય સ્ટેમ્પ'ના માધ્યમથી ટપાલ ટિકિટ જારી કરી શકાય છે. માય સ્ટેમ્પને એક સુંદર ભેટ તરીકે પણ આપી શકાય છે. જો તમે કોઈને આદર સમ્માન આપો છો, તો પર્સનલાઈઝ્ડ માય સ્ટેમ્પ દ્વારા આ આદર સમ્માન દર્શાવી પણ શકો છો. પર્સનલાઈઝ્ડ કરેલ માય સ્ટેમ્પ પહેલ ખરીદદારોને સ્ટેમ્પ શીટમાં તેમના પોતાના ફોટોગ્રાફ્સ અથવા લોગો ઉમેરવાની મંજૂરી આપે છે જે યાદગાર પ્રસંગો/ઈવેન્ટ્સ સાથે વ્યક્તિગત જોડાણ ઓફર કરે છે.

## ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળે રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૦ |

ગુજરાતની ૧૫૭ નગરપાલિકામાં હડતાળની ચીમકી આપી છે. જેમાં તબીબી ભથ્થાનો લાભ ન મળતાં નગરપાલિકાના કર્મચારીઓ હડતાળની તૈયારીઓ કરી રહ્યાં છે. બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થાનો લાભ આપવામાં આવી રહ્યો છે, જ્યારે રાજ્યની નગરપાલિકાના કર્મચારીઓ આ સરકારી લાભથી વંચિત રહ્યાં છે. ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળે રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે કે, 'જો નિર્ણય નહી લેવાય તો, રાજ્યની ૧૫૭ નગરપાલિકા કર્મચારીઓ હડતાળ પાડશે જેથી પાણી, વીજળી અને સફાઈની કામગીરી ખોરવાઈ શકે છે.' રાજ્યના બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થુ એક હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. જ્યારે નગરપાલિકાના કર્મચારીઓને તબીબી ભથ્થા પેટે ૧૦૦ રૂપિયા અપાય છે. પાલિકા કર્મચારી મહામંડળે એવી ચિમકી ઉચ્ચારી છે કે, જો ૩૦મી ડિસેમ્બર સુધી તબીબી ભથ્થાનો વધારો કરવા સરકાર નિર્ણય નહીં લે તો, રાજ્યમાં ૧૫૭ નગરપાલિકાના કર્મચારીઓ હડતાળ પર ઉતરી જશે.

## રાજકોટમાં ધૂળ ખાઈ રહ્યાં છે નવા નક્કોર 3300 આવાસ

| (એજન્સી) રાજકોટ, તા.૧૦ |

પોપટપરામાં વર્ષ ૨૦૧૯ માં ૬૯૦ જેટલા આવાસો બનીને તૈયાર થઈ ચૂક્યા છે. પરંતુ છ વર્ષ બાદ પણ આ આવાસની ફાળવણી કરવામાં ન આવતા આવાસો ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. આવાસો ખંડેર બની જતા અહીંયા દારૂ જુગાર સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાનો આક્ષેપ અહીંના સ્થાનિકો કરી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, અહીંયા દારૂ, ચરસ, ગાંજા સહિતના માદક પદાર્થોનું સેવન કરવામાં આવે છે. રાત્રિના સમયે દારૂનું કટીંગ પણ થાય છે. તેમજ સ્થાનિકો અસામાજિક પ્રવૃત્તિ મામલે અવાજ ઉઠાવે તો તેમના અવાજને ડામી દેવામાં પણ આવે છે. જેના કારણે ખંડેર બની ચૂકેલા આવાસની આજુબાજુમાં રહેતી મહિલાઓ પોતાની જાતને સલામત નથી માની રહી. સ્થાનિકોની માગણી છે કે અહીંયા લાઈટિંગની પૂરી વ્યવસ્થા કરવામાં આવે તેમજ સિક્યુરિટી ગાર્ડ સહિતની ફાળવણી કરવામાં આવે તો જ અહીંયા સલામતીનો અહેસાસ શક્ય છે. રાજકોટ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, કેટલાક આવાસો ખંડેર હાલતમાં હોવાનું મારા ધ્યાને આવ્યું છે.

## ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનશે 'પ્રશ્નબેંક' તથા 'સંપર્ક સેતુ'

### અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને શૈક્ષણિક સંકલન સમિતિ, અમદાવાદ શહેર દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટે કરાઈ અનોખી પહેલ



| અમદાવાદ, તા.૧૦ |

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને અને શૈક્ષણિક સંકલન સમિતિ, અમદાવાદ શહેરના સંયુક્ત ઉપક્રમે 'સંપર્ક સેતુ' એપ્લિકેશનું લૉન્ચિંગ તેમજ 'પ્રશ્નબેંક-૨૦૨૫'નું ૧૦ ડિસેમ્બર, મંગળવારના રોજ વિમોચન કરવામાં આવ્યું છે. આ 'સંપર્ક સેતુ' એપ્લિકેશન શાળાઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણ જગતને જોડતી કડીરૂપ બની રહેશે. આ શૈક્ષણિક એપના ઉપયોગથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ અમદાવાદ શહેરમાં સમાવિષ્ટ શાળાઓના સરનામાં અને ગૂગલ મેપિંગ લોકેશન તેમજ આચાર્યશ્રી તેમજ સંચાલકશ્રીનો સંપર્ક નંબર તેમજ ઈ-મેઈલ એડ્રેસ મેળવી શકશે. આ એપ્લિકેશનના માધ્યમથી અમદાવાદ શહેરમાં યોજાનાર પરીક્ષાઓ દરમ્યાન અમદાવાદ શહેરના કે અન્ય જિલ્લાના વિદ્યાર્થીઓને સરળતાથી શાળાનું સરનામુ તેમજ ગૂગલ મેપિંગ લોકેશનથી સરળતાથી વિદ્યાર્થી પરીક્ષા સ્થળ પર પહોંચી શકે, તેવી સુવિધા 'સંપર્ક સેતુ' એપ્લીકેશનના માધ્યમથી મળી રહેશે. આમ, આ એપ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

સંપર્ક સેતુ એપ્લિકેશનના માધ્યમથી અમદાવાદ શહેરની અંદાજિત ૨૦૦૦ જેટલી શાળાઓને જોડતી કડીરૂપ જુદી જુદી શાળાઓના એકબીજા સાથેના સંપર્ક કોન્ટેક નંબર ગૂગલ મેપિંગ લોકેશન એડ્રેસ ઈમેલ વગેરે પ્રાપ્ત થાય છે, જેથી વિદ્યાર્થીઓ વાલીઓને શિક્ષણ જગત એકબીજા સાથે સંપર્ક સેતુની જેમ જોડાયેલું રહેશે. આ પ્રસંગે 'પ્રશ્નબેંક-૨૦૨૫'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. 'પ્રશ્નબેંક-૨૦૨૫'ની વાત કરીએ તો, આ પ્રશ્નબેંક અમદાવાદ શહેરના અનુભવી અને નિષ્ણાત શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ 'પ્રશ્નબેંક-૨૦૨૫'માં ધોરણ-૧૦ના કુલ ૬ (છ) વિષયો, ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના ૫ (પાંચ) વિષયો અને ધોરણ-૧૨ સામાન્યપ્રવાહના ૮ (આઠ) વિષયોના ખૂબ જ અગત્યના પ્રશ્નો અને બે-બે વિષયવાર મોડેલ પ્રશ્નપત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પ્રશ્ન બેંકને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. ગુજરાતના મોટાભાગના તમામ જિલ્લાઓમાં વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી સાબિત થયેલી. આ વર્ષે નવા પરિરૂપ સાથે અમદાવાદ શહેરના અનુભવી શિક્ષકો દ્વારા ધોરણ ૧૦ના મુખ્ય છ વિષય ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પાંચ વિષય અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના આઠ વિષયો એમ કુલ મળીને ૧૯ વિષયોમાં વિભાગ વાઈઝ પ્રશ્ન બેંક તૈયાર કરવામાં આવેલી છે. સાથે દરેક વિષયમાં બે સ્પેસિમેન્ટ ક્વેશ્ચન પેપર પણ મૂકવામાં આવ્યા છે. ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે ડિજિટલ સ્વરૂપે લાખો વિદ્યાર્થીઓ સુધી પહોંચી જઈ અનુભવી શિક્ષકોના અનુભવનો લાભ આપવા માટેનો આ પ્રયાસ છે. આમ, આ પ્રશ્નબેંક વિદ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ જ ઉપયોગી સાબિત થશે.